સમયસુંદર મહારાજે કલ્પ દીપિકા બનાવેલી છે, અને તેના ઉપરથી પં. જયચંદ્રજીએ બાલાવબોધ (જુની ગુજરાતીમાં) કરેલ છે, તેના આધારે સ્વ. દેવરાજ વિગેરેએ ગુજરાતી ભાષાન્તર પણ કરેલ છે. પ્રોફેસર હરમન જેકોબીએ કલ્પસૂત્ર સાથે તેનું અંગ્રેજી ભાષાન્તર પણ કર્યું છે. તે ઉપર ટીકાનું ભાષાન્તર નિર્યુક્તિ સહીત ક્યાંય પણ છપાયું નહી હોવાથી મે પ્રયાસ કર્યો છે. આવા કાર્યમાં બીજા વિદ્વાનોની મદદ મળવી સુગમ ન હોવાથી, વારંવાર તપાસી જોયાં છતાં જો, કોઈપણ જગાએ વિરૂદ્ધ લખાયું હોય તો, વિદ્વાનોએ કૃપા કરીને મને જણાવવું કે, બીજી આવૃત્તિમાં સુધારો કરી શકાય.

મૂળ વિષય.

જીવના ભેદ અહીં પૃથ્વીકાય અપકાય તેઉકાય વાઉકાય વનસ્પતિકાય અને ત્રસકાય લીધા છે, તેના ઉદ્દેશા અનુક્રમે ન હોવાથી પણ સ્વરૂપ મંદબુદ્ધિવાળા શીઘ્ર ન સમજે; માટે છેવટે તેનો ટુંકો સાર દીધો છે. આ આગમમાં જે જે વિષયો જે જે માને છે, તે પણ જોઈ નવાજ છે. પ્રતિપક્ષ પણ આપેલ છે. "મુનિ માણેક"

પ્રસિદ્ધકર્તાની વિજ્ઞપ્તિ.

આ પુસ્તક છપાવે છેવને મદદ મળી; માટે ખર્ચ જેટલી કીમત રાખેલી છે, અને એ કાર્ય થયું છે તે માટે શેઠ નગીનચંદ ઘેલાભાઈ ઝવેરી જેઓ દેવચંદ લાલભાઈના પુસ્તકોદ્ધાર ફંડના એક વહીવટ કર્તા છે તેમણે (રૂા. ૫૦૦) છાપવાના ખર્ચના માટે આપેલા છે, તથા ઝવેરી [illegible] રાયચંદ મોતીચંદભાઈએ (રૂા. ૨૦૦)

આપેલ છે. તે સિવાય બીજા ગૃહસ્થોએ જે જે મદદ આપેલી છે. અથવા પૂર્વે ગ્રાહક થયેલ છે, તે લીસ્ટ આ સાથે છે, તેમને ધન્યવાદ આપવાની ખાસ જરૂર છે, તથા દરેક પુસ્તક લખવામાં, તથા વાંચવામાં અને રહેતા અશુદ્ધો સુધારવામાં ભાઇ દલીચંદ વિગેરેએ બનતી સહાય આપી છે, તથા શેઠ ફકીરચંદ નગીનભાઇ કપુરચંદ, ઝવેરી તથા તેમના મુનીમ કપુરચંદભાઇએ જ્ઞાનખાતાનો હીસાબ વિગેરે રાખી જે સહાય કરી છે, તે માટે તેઓ ધન્યવાદને પાત્ર છે.

વળી આ ભંડાર તરફથી ધાર્મિક પાઠશાળા ચલાવવા ફકીરભાઇ નગીનચંદ ઝવેરી તથા કેસરીચંદ કલ્યાણચંદ ઝવેરી તરફથી આ વર્ષ માટે રૂ. ૫૦) રૂ ૫૦) ની મદદ મળી છે. તેમણે દરેક સહાયતા કરવી જોઇએ.

તા. ૧૪–૩–૧૯૨૧ } ઝવેરભાઇ રાયચંદ બંગડીવાળા
સુરત, ગોપીપુરા } સેક્રેટરી મોહનલાલ જે જૈનજ્ઞાનભંડાર.



આચારાંગ સૂત્ર પહેલું અધ્યયનવિષય અનુક્રમણિકા-

પૃષ્ઠ.

શુદ્ધિપત્ર.

પૃષ્ઠ	લાઇન	અશુદ્ધ	શુદ્ધ
૨	૧૯	પ્રરિજ્ઞા	પરિજ્ઞા
૪	૨	એને	અને
૩	૧૦	કરેના	કરેલો
૫	૫	મંગળ	મંગળ.
૧૧	૧૩	પશ્રય	પચ્ચય
૧૨	૩	સુકન	સુકૃત
૧૩	૪	તીર્થ	તીર્થ,
૨૮	૧૯	ભાવે	ભાવ
૩૦	૩	કરેતા	કરતા
૩૫	૧૮	ખુજ	ગુજ્ઞ
૩૯	૭	છે	છે,
૪૧	૨	ઢિથી	ધિથી
૪૮	૩	સ્થાપના	સ્થાપના,
૪૮	૩	દ્રવ્ય	દ્રવ્ય,
૬૧	૨૧	આશ્રમ	આશ્રવ
૭૩	૧૩	સ્વીકાર	સ્વીકાર છે
૭૩	૧૪	સંજ્ઞા	સંજ્ઞાના
૮૯	૫	યોનિયોમાં	યોનિઓ,
૯૨	૨	માંટે	માટે
૯૫	૯	સાવધ	સાવદ્ય
૧૨૧	૭	જે	જીવ જે

પૃષ્ઠ	લાઈન	અશુદ્ધ	શુદ્ધ
૧૨૧	૧	માં છવ	માં
૧૨૨	૧૨	દમ્અન્તે	દમ
૧૨૬	૧૭	( )	(ઉંમર)
૧૩૮	૧૮	(ર)	(તથી)
૧૪૪	૨૬	તે	તેને
૧૪૫	૧	અધાય	ન બંધાય
૧૪૫	૭	કયાદિ	કયાદિ છે તેને
૧૫૭	૬	દિશા	દીક્ષા
૧૫૭	૧૮	થાય.	થાય.)
૧૬૫	૧૭	અથે	અર્થે
૧૭૭	૬	મુનિને	મુનિને તથા
૧૯૭	૬	જ્ઞાનાદિ	છે
૨૨૦	૧૨	થી	થી આરંભથી
૨૨૧	૧૨	કારણ	હેપ
૨૨૭	૧૬	થી,	થી
૨૪૬	૧૧	અમૃદ	સમુદ
૨૪૫	૯	ભૂત	ભૂત.
૨૪૯	૧૮	નિર્વાણ	નિર્વાણ,
૨૪૯	૧૯	સુખ,	સુખ
૨૬૪	૧	દિશા	દિશા
૨૭૩	૪	કલ્પ	કલ્પ
૨૭૩	૧૨	જીવોને,	જીવોને
૨૭૪	૪	છજી	છજીવ

સુત્રોમાં આવક અને ખર્ચની ટુંક નોંધ.

જ	ઉ
૭૧૬) દશ વૈકાલીક ખાતે છાપેલી ટીપના ૭૬૧) તેમાંથી બાકી ૪૫)	૪૦૨॥ પુંઠા છપાઇ કાગળ ફર્મા ચોડના.
	૩૦) ગોરધનભાઇને લખાઇના
	૨૫) માણસને પગાર તથા પરચુરણ ખર્ચ
	૨૮૮॥ શ્રી પુરાંત બાકી
૭૧૬)	૭૧૬)

હેન્ડબીલ સિવાયના ગ્રાહકો.

૨૫ ઝવેરી ફકીરચંદભાઇ નવીનચંદ

૫ ,, પાનાચંદ ભગુભાઇ

૨૫ ,, ધર્મચંદ ઉદેચંદના સુપુત્રો.

૨ ઝવેરભાઇ બંગડીવાળા

૨ ઝવેરી બાલુભાઇ

૫ શેઠ તારાચંદ જેતજી અભાય



આચારાંગ વિગેરેમાં મદદ મળી તેની નોંધ.

જ

૨૮૮॥ દશ વૈકાલીકના વધેલા.
૫૦૧) ઝવેરી નગીનચંદ ઘેલાભાઇ
૨૦૦) ઝવેરી રાયચંદ મોતીચંદ
૨૫) રતનજી રાયચંદ ચોકસી
૨૫) ઉત્તમચંદ મુળચંદ
૧૫) કસ્તુરચંદ વનાજી કોસાડ-
વાળા
૧૫) જુહારમલજી હેમચંદ બ્યા-
વરવાળા
૧૬॥ કોસાડના ચ વડો
૫, ડોસજીભાઇ નગીનદાસ
પાલણપુરવાળા
૧૦) નાનચંદ સદાજી મરોલી
સ્ટેશન
૫) મગનલાલ ફકીરચંદ રાંદેર-
વાળા.
૧૦) ગુલાબચંદ હંસાજી
૫॥ ચીમનલાલ મોહનલાલ તથા
મોહનલાલ તરફથી
૧) આચારાંગ ખાતે

ઉ

૬૫૦) ૧૯ ફર્માના કાગળ છપાઇ
પાકા પુઠાં. સાતસો કોપીના
૫૫) પંડીત અમૃતલાલને લખા-
ઇના
૨૦) માણસોને પગારના
૩૦) દશવૈકાલીક બીજો ત્રીજો
ભાગ લખાઇના રામદાસ
૫૦) પંડિત વાડીલાલ ડાહ્યાભાઇ
અમદાવાદ સુયગડાંગ છપા-
વવા.
૩૨૭) શ્રી પુરાંત બાકી તેમાં ૨૯૨)
કપુરચંદભાઇ હરખચંદ
૩૫) સોભાગચંદ લલ્લુભાઇ
પાસે



સુત્રોના ગ્રાહક થનારના નામો.

	દશવૈકાલીક.	આચારાંગ.	સુયગડાંગ
ગોનભાઇ મંછુભાઇ ઝવેરી	૨	૫	૩
હરીચંદ રૂપચંદ ,,	૧	૧	૧
. નગીનચંદ ઘેલાભાઇની પાસે			
ડા. નાથુભાઇ મગનલાલ	૧	૦	૦
ડા. મગનલાલ ચુનીલાલ	હરીપુરા.	૧	૦
ડા. ચીમનલાલ ખુશાલચંદ			૧
ડા. નગીનદાસ કપુરચંદ	૧		
ચંદ લલ્લુભાઇ ઓસવાલ મહોલ્લો	૦	૧	૧
બાઇ માણેક હીરાચંદ જીવણજીની			
મણીભાઇની નાનપુરા.	૦	૩	૨
કોટોપાસ નવલચંદ નગરશેઠ રાંદેર	૦	૭	૭
શેઠ હીરાચંદ મોતીચંદ રાવ સાહે-	૦	૫	૦
બની પત્નિ			
મગનભાઇ નગીનભાઇ ચુનીવાલાવાસ			
ગોપીપુરા.	૦	૧૦	૧૦
મનુભાઇ મગનલાલ નવાપુરા			
બાનની પોળ	૧૦	૧૦	૧૦
જીવણચંદ તલકચંદ હ. મણીલાલ	૦	૧	૦
માણેકભાઇ ખુશાલચંદ	૦	૫	૫

	નામો.		દશવૈકાલીક.	આચારાંગ.	સુયગડાંગ.
	સા. પ્રેમચંદ ખુશાલચંદ નરોડ પોરટ મરોલી		૧	૨	૧
	કેસુરભાઈ પેમાજી	હેનસાક પેરટ સચીન.	૦	૪	૦
૪	લલ્લુભાઈ હરજી		૦	૪	૦
૩	પાનાચંદ હરજી		૦	૪	૦
૧	હીરાભાઈ હરજી		૦	૧	૦

બીજો ભાગ.

	નામો.		દશવૈકાલીક.	આચારાંગ.	સુયગડાંગ.
•	સુરજમલજી સરદારમલજી વહોરા				
•	ભીવંડર				
૧	મગનમલ મહતા ... ખાતે		૫	૫	૫
	શ્રીમાન્ બુદ્ધિસાગર સૂરિજીના ઉપ.				
૧	હેદરી સાધુ સંઘ.			૨	
	મોહનલાલ મગનલાલ				
૨	છોટુભાઈ હીરાચંદ	મોટા રસ્તા	૧	૧૦	
	મગનભાઈ નાથચંદ		૦	૧	૧
	શા. રતનદાસ	અમદાવાદ ... વગેરે	૦	૦	૧
	રઘુવીરદાસ		૦	૦	૧
	શા. ગ. દામજી			૧	૧
	રતનચંદ			૦	૧
	મોહનલાલ હીરાચંદ મોટા રસ્તા		૧		૧
	બુદ્ધિલાલ ...		૦		
	શા. નરશીચંદ ...		૧	૧	૧
	ગુલાબભાઈ રતનચંદ		૦	૧	૨
				૧	૦

સુરતમાં મદદ કરવા યોગ્ય કેળવણીની સાર્વજનિક સંસ્થાઓ.

(૧) શ્રી રત્ન સાગરજી જૈન ધાર્મિક વ્યવહારિક પાઠશાળા અને જૈન બોર્ડીંગ સુરત ગોપીપુરા.

(૨) જૈન વિદ્યાર્થી આશ્રમ વડાચૌટા.

(૩) જૈન વનિતા વિશ્રામ—સુરત ગોપીપુરા.

(૪) મોહનલાલજી જૈન શ્વેતાંબર જ્ઞાન ભંડાર અને ધાર્મિક પાઠશાળા—સુરત ગોપીપુરા.





શેઠ નગીનચંદ ઘેલાભાઈ ઝવેરી-સુરત.

ॐ नमो वीतरागाय।

શ્રી આચારાંગ સૂત્ર ભાષાંતર



(શ્રી સુધર્મ સ્વામીએ રચેલું શ્રી શ્રુત કેવલી
ભદ્રબાહુ રચિત નિર્યુક્તિ સહિત.)

આચારાંગ સૂત્ર મૂળ તથા શ્રી શીલાંકાચાર્યે રચેલી
ટીકાનું ગુજરાતી ભાષાંતર.

ॐ नमः सर्वज्ञाय।

ણ્યો મોહને મોહને લોક જાણે, ખરા તત્વને જે સદાયે પીછાણે,
ભુ તેહને હો સદા જ્ઞાન સારૂં, ભવે તારનારા કદી ના વિસારૂં

जयति समस्त वस्तु पर्याय विचारा पास्त तीर्थिकं
विहितै कैक तीर्थ नय वाद समूह वशात् प्रतिष्ठितम्
बहु विधभाङ्गि सिद्ध सिद्धान्त विधूनित मलमलीमसम्
तीर्थमनादि निधनगतमनुपममादिनतं जिनेश्वरैः॥१॥

[स्कन्दकच्छन्दः]

જેણે બધી વસ્તુ તથા તેના પર્યાયના વિચાર બતાવવા
વડે બીજાં તીર્થો (મતવાળાઓ)ને દૂર કર્યાં છે અને જેણે

એક તીર્થના નયવાહનો સમૂહને લીધે પ્રતિષ્ઠા પામેલું અને બહુ પ્રકારે ભંગી બતાવવા વડે સિદ્ધ કરેલા સિદ્ધાંતથી, જેણે, કુમાર્ગ રૂપ મળની કાળાશ ધોઈ નાંખી છે, તથા જે અનાદિનિધન (સર્વદા બણા) ને પામેલું છે, અને અનુપમ તથા જીનેશ્વરોએ ઉપદેશ આપતા પહેલાંજ જેને નમસ્કાર કર્યો છે તે તીર્થ જયવંતુ વર્તે છે.

आचारशास्त्रं सुविनिश्चितं यथा,
जगाद वीरो जगते हितावहः ।
तथैव किञ्चिद्वदतः सएवमे,
पुनातु धीमान् विनयार्पितागिरः ॥

જેવી રીતે શ્રી વીર ભગવાને જગતના હિતને માટે સારી રીતે નિશ્ચય કરેલા આચાર શાસ્ત્રને વર્ણવ્યું તેવીજ રીતે તે શ્રી બુદ્ધિપૂર્ણ વીર ભગવાન પોતે કંઇક બોલનાર એવાની આ મારી વિનયથી અર્પણ કરેલી વાણી તેને પવિત્ર કરો.

शस्त्र परिज्ञा विवरण, मतिपहुगहनं च गन्धहस्ति
कृतम् ।
तस्मात्सुख बोधार्थं गृह्णाम्यह मञ्जसा सारम् ॥

ગન્ધહસ્તિ આચાર્યે કરેલું 'શસ્ત્ર પરિજ્ઞાનું' વિવરણ

બહુ મહેનત લીધાં છતાં પણ ન સમજી શકાય તેવું હોવાથી તેનો જરૂરી અને થોડી મહેનતે બોધ થાય (સમજી શકાય) તેટલા માટે તેનો સાર માત્ર ગ્રહણ કરૂં છું.

અહિંઆ નિશ્ચયે રાગ દ્વેષ મોહ વિગેરેથી હારેલા સર્વ સંસારી જીવો જે શરીર અને મન સંબંધી અનેક અતિ કડવાં દુઃખોના સમૂહથી પીડાયેલા છે, તે દૂર કરવાને માટે હેય ઉપાદેય પદાર્થનું જ્ઞાન મેળવવા તેમણે યત્ન કરવો જોઈએ, તે યત્ન વિશિષ્ટ વિવેક વિના ન થાય, અને તે શ્રેષ્ઠ વિવેક જે આપ્ત પુરૂષ અશેષ (તમામ) અતિશય (અતીન્દ્રિય જ્ઞાન વિગેરે) નો સમૂહ પ્રાપ્ત કરેલા હોય, તેમના ઉપદેશ વિના ન મળે અને તે આપ્ત પુરૂષ રાગ, દ્વેષ, મોહ, વિગેરે દોષોને સર્વથા ક્ષય કર્યાથી થાય; ને દોષ રહિત જિનેશ્વરજ છે તેથી અમે અર્હન્ જિનેશ્વરના વચનનો અનુયોગ (અર્થકથન) કરીએ છીએ તે ચાર પ્રકારે છે તે આ પ્રમાણે છે.

(૧) ધર્મ કથાનુયોગ (૨) ગણિતાનુયોગ (૩) દ્રવ્યાનુયોગ અને (૪) ચરણ કરણાનુયોગ. તેમાં ધર્મ કથાનુયોગ ઉત્તરાધ્યયન વિગેરે, ગણિતાનુયોગ સૂર્ય પ્રજ્ઞપ્તિ વિગેરે, દ્રવ્યાનુયોગ ચૌદ પૂર્વ તથા સંમતિ વિગેરે સ્થાપના ગ્રન્થો અને ચરણ કરણાનુયોગ તે આ આચારાંગાદિ સૂત્ર છે

ચોથો અનુયોગ બધામાં મુખ્ય છે કારણ કે બાકીના ત્રણમાં તેનો અર્થ બતાવેલો છે. કહ્યું છે કે—

"चरण पडिवत्ति हेउं जेणियरे तिण्णि अणुओग"त्ति तथा चरण पडिवत्ति हे ऊं, धम्म कहा काल दिक्खमादीया । दविए दंसण सोहि, दंसण सुद्धस्स चरणं तु ॥१॥

ચારિત્રના સ્વીકારને માટે બાકીના ત્રણ અનુયોગો છે વળી ચરણના સ્વીકારનાં કારણો ધર્મ કથા કાળ અને દિક્ષાદિક છે. દ્રવ્યાનુયોગથી દર્શન શુદ્ધિ (સાચા તત્વ ઉપર આસ્થા) અને તેનાથી ચારિત્ર ગ્રહણ થાય છે. ગણધરોએ પણ તેથીજ તેનું પહેલું વિવેચન કર્યું છે. તેથી તે પ્રમાણે આચારાંગનો પહેલો અનુયોગ કરીએ છીએ.

હવે તે અનુયોગ મોક્ષ દેનારો હોવાથી તેમાં વિઘ્ન હોવાનો સંભવ છે. કહ્યું છે કે.

श्रेयांसि बहु विघ्नानि, भवन्ति महतामपि;
अश्रे यसि प्रवृत्तानां, क्वापि यान्ति विनायकाः॥१॥

જેટલાં સારાં કાર્યો છે તેમાં મોટાઓને વિઘ્નો પણ આવે છે પણ અકલ્યાણમાં પ્રવર્તનારાઓને કોઈપણ જગોએ વિઘ્ન આવતું નથી એટલે તેઓ ગમે તેમ વર્તે છે તેને કોઈ અટકાવતું નથી, તો સર્વ વિઘ્નોનો નાશ થવા માટે

મંગળ કહેવું જોઇએ, તે મંગળ આદિ મધ્ય અને અંત એવા ત્રણ ભેદે છે: તેમાનું 'सुयंमे आउ संतेणं भगवया एव मरखायं' આ ભગવાનનું વચન હોવાથી પ્રથમ મંગળ છે, અથવા શ્રુત એટલે શ્રુત જ્ઞાન તે નંદી સૂત્રમાં ગણાતું હોવાથી મંગળ છે, એ મંગળ વિના વિઘ્ને ઇચ્છિત શાસ્ત્રના અર્થને પાર પહોંચવાનું કારણ છે: મધ્ય મંગળ લોકસાર અધ્યયનના પાંચમાં ઉદ્દેશાનું સૂત્ર છે. 'सेजहावि निदए चरि पुण्णे चिट्ठइ समंसि भोम्मे उवसंतरए सारक्ख माणे' અહિં હૃદ (કુંડ)ના ગુણો વડે આચાર્યોના ગુણોનું કીર્તન છે અને આચાર્યો પાંચ પરમેષ્ઠીમાં હોવાથી મંગળ છે. આ ભણેલ: ઇચ્છિત શાસ્ત્રાર્થને સ્થિર કરવાને માટે છે. છેલ્લું મંગળ નવમા અધ્યયનમાં છેલ્લું સૂત્ર છે 'अभि निव्वुडे अमाई आवक हाए भगवं समियासी' અહિંઆં અભિનિવૃત્તનું ગ્રહણ "સંસાર મહાતરૂ કંદ"ને છેદીને ખાત્રીથી ધ્યાન કરવાનું હોવાથી મંગળ છે (દીક્ષા પાળનારે એમ ચોક્કસ માનવું કે હવે મને સંસાર ભ્રમણ નહિ થાય) આ છેવટનું મંગળ શિષ્ય અને પ્રશિષ્ય તેનો પરિવાર કાયમ રહેવા માટે છે (કે જે સૂત્રો ભણીને સ્વપરને પ્રતિબોધે છે) અધ્યયનમાં સૂત્રો મંગળપણે બતાવવાથી અધ્યયનોનું પણ મંગળપણું જાણી લેવું તેથી વિશેષ કહેતા નથી અથવા આ આખું શાસ્ત્ર જ્ઞાનરૂપ હોવાથી મંગળ છે

અને જ્ઞાનથી સકામ નિર્જરા થાય છે. નિર્જરામાં તેની ચોક્કસ ખાત્રી છે. લખ્યું છે કે

जं अन्नाणी कम्मं, खवेइ बहुयाहिं वास कोडीहिं।
तं नाणी तिहिं गुत्तो, खवेइ उस्सासमित्तेणं ॥१॥

કરોડો વર્ષે અજ્ઞાની જે કર્મ ખપાવે તે જ્ઞાની અને ત્રણ ગુપ્તિનો ધરનારો શ્વાસોશ્વાસ માત્રમાં ખપાવે છે. મંગળ શબ્દનું નિરૂક્ત (પદોને તોડીને અર્થ કરવો તે) આ છે; મને ભવથી દૂર કરે તે મંગળ અથવા મને, ગળ એટલે વિઘ્ન ન થાઓ, અથવા ગાલ એટલે નાશ, શાસ્ત્રનો ન થાઓ (મારૂ ભણેલું સ્થિર અને ઉપયોગી થાઓ) અહિં બાકી રહેલ આક્ષેપ (વાદીની શંકા) અને પરિહાર (સમાધાન) વિગેરે અન્ય ગ્રન્થોથી જાણવા.

હવે આચારંગના અનુયોગ કરે છે અર્થનું કહેવું તે અનુયોગ, અથવા સૂત્રની પછવાડે અર્થ બતાવવો તે એટલે પહેલું સૂત્ર ભણાવવું અને પછી તેનો અર્થ બતાવવો અથવા અણુ તે નાનું સૂત્ર તેનો વિશાળ અર્થ કહેવો તે, તે આ પછીના કહેવાના દ્વારો વડે જાણવું તે આ પ્રમાણે છે.

निक्खेवेगट्ठ निरुत्ति, विहिपवित्ती । यकेण वाकस्स
तद्दारभेयलक्खण, तदरिह परिसाय सुत्तत्थो ॥२॥

(આ દશ વૈકાલિક સૂત્રની નિર્યુક્તિની પાંચમી ગાથા છે) તેમાં નિક્ષેપા નામ વિગેરે સાત પ્રકારે છે. નામ અને સ્થાપના એ બે નિક્ષેપા સુગમ છે. દ્રવ્યથી અનુયોગ બે પ્રકારે છે આગમથી અને નોઆગમથી તેમાં આગમથી જ્ઞાતા હોય પણ તેમાં ઉપયોગ ન રાખે, અને નોઆગમથી જ્ઞશરીર, ભવ્ય શરીર, અને તેનાથી જુદો અનેક પ્રકારે છે. દ્રવ્ય વડે એટલે સાટિકા (પાટી) વિગેરેથી, અથવા દ્રવ્યનો એટલે આત્મા પરમાણુ વિગેરેનો અનુયોગ અથવા દ્રવ્યમાં એટલે નિષદ્યા વિગેરેમાં અનુયોગ થાય, તે દ્રવ્યાનુયોગ, ક્ષેત્રાનુયોગમાં, ક્ષેત્રવડે ક્ષેત્રનો, અથવા ક્ષેત્રમાં અનુયોગ તે એ પ્રમાણે છે કાળ વડે કાળનો અથવા કાળમાં અનુયોગ જાણવો: વચનાનુયોગ તે એક વચન વિગેરેથી જાણવા. હવે ભાવાનુયોગનું વર્ણન કરે છે તે બે પ્રકારે આગમથી, અને નોઆગમથી, આગમથી, જ્ઞાતા અને ઉપયોગ રાખનાર, નોઆગમથી ઔપશમિક વિગેરે ભાવો વડે તેઓના અર્થનું કહેવું: આ સિવાય બાકીનું આવશ્યક સૂત્રથી જાણવું: કારણ કે અહિંઆ તો અનુયોગ માત્રનો વિષય છે

આ અનુયોગ આચાર્યને આધીન હોવાથી, કેવું કહે, તે ગુરુ બતાવે છે. તેમાં ઉપક્રમ વિગેરે ચાર દ્વાર છે તે પણ ઉપયોગી હોવાથી બતાવે છે. કેવું કહેવું અને તે ...

હેવા જોઇએ તે બતાવે છે. અહિંઆં આચાર્યના છત્રીસ ગુણો બતાવે છે.

देश कुल जाइ रूवी संवयणी धिइजुओ अणासंसं
अविकत्थणो अमाई थिर परि वाडी गहिय वक्को ॥
जिय परिसो जियनिद्दो मज्झत्थोदेसकाल भावन्नू
आसन्न लद्ध पइभो णाणाविह देस भासणू ॥२॥
पंच विह आयारे जुत्तो सुत्तत्थ तदुभय विहिन्नू
आहरण हेउ कारण णय णिउणो गाहणा कुसलो।
ससमय परसमय विऊ गम्भीरो दित्तिमं सिवो सोमे
गुणसय कलिओ जुत्तो पवयण सारं परिकहेउं ॥४

આર્ય દેશમા ઉત્પન્ન થયેલ તે બધાને સહેલાઈ બોધ આપી શકે છે પિતાનુ કુળ તે ઈક્ષ્વાકુ વિગેરે ત જ્ઞાનકુળ, તે શ્રેષ્ટ હોવાથી માથે આવેલા બોજાને ઉપાડતા થાકતા નથી 'માતાની જાતિ,' તે ઉત્તમ હોય તો વિનયા. દિક ગુણવાળો થાય છે; અને જ્યાં સુંદર આકૃતિ ત્યાં ગુણો રહે છે તેથી રૂપ લીધુ; સંઘયન અને ધીરજ આ બેથી યુક્ત હોયતો ઉપદેશ વિગેરેમાં ખેદ ન પામે, અ નાશંસી હોવાથી સાંભળનારા પાસે વસ્ત્રાદિક ન માગે અવિકત્થન હોવાથી હિતમિત બોલનારો છે અમાયી તે કપટી ન હોવાથી સર્વત્ર વિશ્વાસ કરવા યોગ્ય છે, સ્થિર પરિપાટી તે ભણેલા

સૂત્ર તથા અર્થને ન ભૂલે, ગ્રાહ્ય વાક્ય તેની આજ્ઞા બધા માને, જીત પર્ષદ્ રાજા વિગેરેની મોટી સભાઓમાં હારે નહિં; જીત નિદ્ર હોવાથી નિદ્રાલુ શિષ્યોને અપ્રમાદીપણે સહેલાઈથી જગાડે, મધ્યસ્થ હોવાથી બધા શિષ્યોને યોગ્ય રીતે રાખે છે, દેશકાળ ભાવનો જાણનાર હોવાથી સુખથી ગુણ પ્રાપ્તિના દેશોમાં વિચરે છે, આસન્ન લબ્ધ પ્રતિભા (હાજર જવાબી હોવાથી) શીઘ્ર પરવાદીના ઉત્તર આપવામાં સમર્થ છે, પોતે જુદી જુદી ભાષાની વિધિ જાણતો હોય તો જુદા જુદા દેશમાં જન્મેલા શિષ્યોને સહેલાઇથી સમઝાવી શકે છે, જ્ઞાનાદિ પાંચ આચારે યુક્ત હોવાથી તેમનું વચન માનનીય છે. સૂત્ર અર્થ બંન્નેની વિધિ જાણતો હોવાથી જોઇએ તેવી રીતે ઉત્સર્ગ અપવાદના પ્રપંચને બતાવે છે. હેતુ, ઉદાહરણ, નિમિત્ત, નય તેના વિસ્તારને જાણનારો, વ્યાકુલ થયા વિના, હેતુ વિગેરે બરાબર બતાવે છે. ગ્રાહણા કુશળ હોવાથી ઘણી યુક્તિઓથી શિષ્યોને સમજાવે છે, જૈન અને બીજા મતોનો જાણીતો હોવાથી દરેકની સ્થાપના અને ખંડન કરે છે. ગંભીર તે ખેદને સહેનારો, અને દીપ્તિમાન તે પરના તેજમાં ન અંજાય; શિવના હેતુથી શિવ એટલે તે જ્યાં વિચરે ત્યાં મરકી વિગેરે રોગોની શાંતિ થાય, સૌમ્ય હોવાથી તેને દેખીને લોકોની આંખો આનંદ પામે, સેંકડો ગુણોથી

યુક્ત તે પ્રશ્રય (ભક્તિ) વિગેરેથી યુક્ત આ પ્રમાણે સૂરિ (આચાર્ય) પ્રવચનના કથનમાં યોગ્ય જાણવો: (આવા ગુણોવાળા આચાર્ય સૂત્ર અર્થ ભણાવે) એ અનુયોગના મોટા નગરમાં પેસવાની માફક (જૈન સિદ્ધાંતમાં પેસવાને માટે ચાર અનુયોગ દ્વારો તેજ વ્યાખ્યાન અંગ છે) તે કહે છે (૧) ઉપક્રમ, (૨) નિક્ષેપ, (૩) અનુગમ, (૪) નય, તેમાં ઉપક્રમ તે ઉપક્રમણ અથવા જેના વડે ઉપક્રમ કરીએ અથવા જેનો કરીએ અથવા જેમા કરીએ તેનો અર્થ આ થાય છે કે કહેવાના શાસ્ત્રને પૂરૂં સમજાવવા માટે શિષ્યનું તે તરફ લક્ષ ખેંચવું તે ઉપક્રમ આ ઉપક્રમ બે પ્રકારે છે (૧) શાસ્ત્ર સંબંધી તથા (૨) લોક સંબંધી શાસ્ત્ર સંબંધી અનુપૂર્વી નામ, પ્રમાણ, વક્તવ્યતા, અર્થાધિકાર અને સમવતાર, એમ છ પ્રકારે છે.

નિક્ષેપણ તે નિક્ષેપો જેના વડે જેનાથી જેમાં થાય તે નિક્ષેપ છે. ઉપક્રમમાં લાવેલા સાંભળનાર શિષ્યને પાસે લાવીને કહેવાના શાસ્ત્રનું નામ વિગેરે બનાવવું. તે ત્રણ પ્રકારે છે. ઓઘ નિષ્પન્ન, નામનિષ્પન્ન, સૂત્રાલાપકનિષ્પન્ન તેમાં અંગ અધ્યયન વિગેરેનું સામાન્ય નામ સ્થાપવું તે ઓઘ નિષ્પન્ન છે, અને આચાર, શાસ્ત્ર, પરિજ્ઞા, વિગેરે વિશેષ અભિધાન નામ સ્થાપવું અને સૂત્રના આલાવાનું નામ વિગેરે સ્થાપવું, તે સૂત્ર આલાપક નિષ્પન્ન જાણવું.

હવે અનુગમ કહે છે. જેના વડે અથવા જેનાથી અથવા જેનામાં અનુગમન થાય તે અનુગમ જાણવો એટલે તે અર્થનું કથન છે.

આ અનુગમ નિર્યુક્તિ અનુગમ, અને સૂત્રાનુગમ, એમ બે પ્રકારે છે. પહેલો નિર્યુક્તિ અનુગમ, ત્રણ પ્રકારે છે. નિક્ષેપ નિર્યુક્તિ, તથા ઉપોદ્ઘાત નિર્યુક્તિ, તથા સૂત્ર સ્પર્શિક નિર્યુક્તિ અનુગમ છે. તેમાં પહેલો નિક્ષેપ પોતે છે તેમાં સામાન્ય વિશેષ કહેવાવડે ઓઘ નિષ્પન્ન અને નામ નિષ્પન્ન, એ બે નિક્ષેપા વડે કહેલો સૂત્રની અપેક્ષાએ છે. તેનુ લક્ષણ હવે પછી કહેશે, ઉપોદ્ઘાત નિ. અ. આગે ગાથાઓ વડે જાણવો.

॥ उद्देसे णिद्देसेय, णिग्गमे खेत्तकाल पुरिसेय ॥
कारण पच्चपल क्खण णये समो यारणाऽणुमए ॥१॥
किं कनि विहं कस्स कहिं केसु कहं केच्चिरं हवइ काले
कइसंतरमविरहियं भवा गरिस फास णाणिरुत्ती ॥२॥

ઉદ્દેશો, નિર્દેશ, નિર્ગમ, ક્ષેત્ર, કાલ, પુરૂષ, કારણ, પ્રત્યય, લક્ષણ, નયો, સમાવતાર, અનુમત; ॥૧॥ શું, કેટલા પ્રકારનું, કોનું, ક્યાં, કોનામાં, કેવીરીતે, કેટલો કાળ છે, કેટલું અંતર પાડ્યું, અંતર રહિત, આવાકર્ષ સ્પર્શના નિરૂક્તિ ॥૨॥ જાણવું હવે સૂત્ર સ્પર્શિક નિર્યુક્તિ, અનુગમ કહેવા માટે સૂત્રોના અવયવના આક્ષેપને નયો વડે સમાધાન કહેવાનું છે તે

અનુગમ સૂત્ર સાથે થાય છે. તે સૂત્ર સૂત્રના અનુગમોમાં
તે ઉચ્ચારણ રૂપે તથા પદચ્છેદ રૂપે છે, અનંત ધર્મ
અધ્યાસિત (યુક્ત) વસ્તુ છે. તે એકજ ધર્મ વડે દોરે
એટલે વિભાગ પાડે છે. તે જ્ઞાન વિશેષ 'નયો' છે.
નૈગમ વિગેરે સાત છે, હવે આચારાંગના ઉપક્રમ વિગે
અનુયોગ દ્વારોનું યોગ્ય રીતે થોડું કહેવાની ઇચ્છાવા
બધાં વિઘ્નો શાન્ત કરવાને તથા મંગળ માટે, તથા વિદ્
નોની પ્રવૃત્તિ માટે, સબંધ, અભિધેય, પ્રયોજન, બતાવન
નિર્યુક્તિની ગાથાને નિર્યુક્તિકાર કહે છે.

वंदित्तु सव्वसिद्धे जिणेअ अणु ओगदाए सव्वे
आयारस्स भगवओ निज्जुत्तिं कित्त इस्सामि॥

તેમાં 'સર્વ' સિદ્ધોને તથા જિનેશ્વરોને વાંદિને'
બોલવાથી મંગળ વચન છે. 'અનુયોગ' દાયકોને કહેવા
સંબંધ વચન થયું 'આચાર સૂત્રનું' તે અભિધેય વચ
છે. 'નિર્યુક્તિ કરીશ' તે પ્રયોજન બતાવ્યું. આ ટુંકા
અર્થ છે પણ અવયવનો અર્થ કહે છે. 'વદ' ધાતુ નમસ્ક
અને સ્તુતિ અર્થમાં છે. તેમાં નમસ્કાર કાયા વડે થ
અને સ્તુતિ વાણીવડે થાય, આ બન્નેનો ભાવ મન
થાય, તેથી મન, વચન, અને કાયા, એ ત્રણે વડે પ
નમસ્કાર કર્યો જાણવો. હવે સિદ્ધ શબ્દનો અર્થ કહે

જેમણે કર્મો બાળી નાંખ્યાં તે સિદ્ધ; એટલે સર્વથા કર્મથી રહિત જીવ તે સિદ્ધ જાણવો, અને બધા શબ્દ સાથે લેતાં બધા સિદ્ધ જાણવા, એટલે પંદર ભેદે સિદ્ધ થાય છે તે તીર્થ અતીર્થ, અનંતર, પરંપર, વિગેરે પણ સિધ્ધોના ભેદ જાણવા 'તે બધા સિધ્ધોને નમસ્કાર કરીને' આ સંબંધ છે. તે બધે જોડવો, રાગ દ્વેષને જે જીતે તે જિન જાણવા તેજ તીર્થંકર છે, તે અતીત, અનાગત, અને વર્તમાન, એ ત્રણ કાળના સર્વ ક્ષેત્રમાં રહેનારા એટલે પંદર કર્મ ભૂમિ વિગેરે સ્થાનમાં રહેલા તેમને પણ, નમસ્કાર કર્યો અને અનુયોગ કહેનારા સુધર્મ સ્વામી વિગેરેથી લઇને, ભદ્રબાહુ જે નિર્યુક્તિકાર છે, તે પોતે પોતાનાથી પૂર્વના આચાર્યોને નમસ્કાર કરે છે. આ નમસ્કારમાં એમ પણ આમ્નાય બતાવવાથી, પોતાની સ્વેચ્છા દૂર કરી જાણવી. અને પોતે પણ ગુરૂ પાસે જે જાણ્યું તે કહ્યું 'વત્વા' આ અવ્યય વડે પૂર્વ અને ઉત્તર ક્રિયાનો સંબંધ છે તે બતાવે છે એટલે નમસ્કાર કરીને યથાર્થ નામવાળા આચાર ભગવતની, નિર્યુક્તિ કરીશ. ભગવત શબ્દથી આચારાંગ ભણનારને અર્થ ધર્મ પ્રયત્ન, ગુણની પ્રાપ્તિ થશે તેથી તે ભગવત્ વિશેષણ વાપર્યું છે.

નિર્યુક્તિ એટલે નિશ્ચય અર્થ બતાવનાર યુક્તિ તેને કહીશ એટલે અંદર રહેલી નિર્યુક્તિને પ્રગટ કહીશ,

॥ ૧ ॥ હવે જેવી પતિજ્ઞા કરી છે તેજ કહેવાને નિક્ષેપાને યોગ્ય પદોને સાથે બનીને આચાર્ય મહારાજ એકઠાં કરીને કહે છે.

आचार अंग सुयखंध, बंभचरणे तहेव सत्थेय ॥
परिण्णाए सणाए, निक्खेवो तह दिसाणं च ॥ २॥

આચાર, અંગ, શ્રુત, સ્કંધ, બ્રહ્મ, ચરણ, શસ્ત્ર પરિજ્ઞા, સંજ્ઞા, દિશા એ શબ્દોના નિક્ષેપા કરવા જોઈએ. તેમાં આચાર, બ્રહ્મ, ચરણ, શસ્ત્ર પરિજ્ઞા, એ શબ્દો નામ નિક્ષેપામાં જાણવા તથા અંગ, શ્રુતસ્કંધ, શબ્દો ઓઘ નિષ્પન્ન નિક્ષેપામાં અને સંજ્ઞા, દિશા, એ શબ્દો, સત્રાલાપકનિષ્પન્ન નિક્ષેપામાં જાણવા એટલે દરેકના કેટલા નિક્ષેપા થાય તે બતાવે છે.

चरण दिसा वज्जाणं. निक्खेवो चउक्क ओय नायव्वो
चरणंमि छव्विहो खलु, सत्तविहो होइउ दिसाणं ।३।

ચરણ અને દિશા, છોડીને બાકીના બધા શબ્દોના ચાર પ્રકારના નિક્ષેપ છે ચરણના છ પ્રકારનો અને દિશાનો સાત પ્રકારનો નિક્ષેપ જાણવો, અહિં ક્ષેત્ર કાળ, વિગેરે જ્યાં ઘટે ત્યાં યોજવાં ॥૩॥ નામ સ્થાપના વિગેરે ચાર પ્રકારે બધામાં વ્યાપે છે, તે કહે છે.

जत्थयजं जाणिज्जा निक्खेवं निक्खिवे निरवसेसं
जत्थवियन जाणिज्जा, चउक्कयं निक्खिवे तत्थ ॥४॥

જ્યાં જેટલે સંભવ. અને દિશા, શબ્દની આદિમાં જે નિક્ષેપો ક્ષેત્ર કાળ, વિગેરે સંબંધી જાણે ત્યાં સંપૂર્ણ કરે ત્યાં સંપૂર્ણ ન જાણે ત્યાં આચારાંગ વિગેરેમાં નામ સ્થાપના દ્રવ્યભાવ, એ ચાર નિક્ષેપા કરે આ ઉપદેશ છે ગાથાર્થ ઉદ્દેશ અંતરના પ્રસિદ્ધ અર્થના લાઘવને ઇચ્છનારા નિર્યુક્તિકાર ગાથા કહે છે.

आचारे अंगंमिय पुव्वुद्दिट्ठो चउक्कनिक्खेवो
नवरं पुण नाणत्तं भावायारंमि तं वोच्छं ॥ ५ ॥

દશ વૈકાલિક ત્રીજા અધ્યયનની ક્ષુલ્લિકા આચાર કથામાં આચારનો પૂર્વે કહેલો નિક્ષેપ છે, અને અંગનો ચતુરંગ અધ્યયનમાં છે. આ ઉત્તરાધ્યયનનું ત્રીજું અધ્યયન છે. અહિં જે વિશેષ છે, તે કહીશ એટલે, ભાવાચારનો અહિં વિષય છે તે કહેવા પ્રસ્તુત થાય છે.

तस्से गट्ठ पवत्तण. पढमंग गणी तहेव परिमाणे
समोयारे सारोय, सत्तहि दारेहि नाणत्तं ॥ ६ ॥

ભાવાચારના એકાર્થવાચક શબ્દો કહેવા, તથા કયે પ્રકારે પ્રવૃત્તિ થઇ, તે આચારાંગનું પ્રવર્તન થયું તે કહેવું તથા આ પહેલું અંગ છે તે જણાવવું તથા ગણી (આચાર્ય) તેનું કેટલું માપનું સ્થાન છે, તે કહેવું તથા પરિમાણ . . .

બતાવવું કે આટલું છે તથા કયું કયાં સમાય છે તે બતાવવું, તથા સાર કહેવો, આ દ્વારોવડે, પહેલા ભાવ આચારથી એનો ભેદ જાણવો આ સમુદાય અર્થ છે. એનો અવયવાર્થ નિર્યુક્તિ કારજ કહે છે.

आयारो आचालो आगालो आगारोय आसासो आयरिसो अंगंतिय आइण्णाऽऽजाइ आमोक्खा ॥७॥

જે વર્તનમાં મૂકાય તે આચાર જાણવો એ નામ વિગેરે ચાર નિક્ષેપાયે જાણવો, નામ સ્થાપના સુગમ છે.ડીને દ્રવ્ય નિક્ષેપમાંજ્ઞ શરીર, ભવ્ય શરીર તથા બેનાથી જુદો (વ્યતિરિકત) દ્રવ્યાચાર આ ગાથાવડે જાણવો.

णामण धोमण वासण सिक्खा वण सुकरणा विरोहीणि

दव्वाणि जाणि लोए दव्वायारं वियाणाहि ॥ ८ ॥

નામન, ધાવન, વાસન, શિક્ષણ, સુકરણ, જે અવિરોધી દ્રવ્યો છે તે લોકમા દ્રવ્યાચાર જાણવો દશ વૈકાલીક સૂત્ર ત્રીજા અધ્યયનમા જુઓ (પેટ ભરવાને માટે આ લોકમાં જે કળા શિખાય છે તે દ્રવ્યાચાર જાણવો) ભાવ આચાર બે પ્રકારે છે (૧) લૌકિક (૨) લોકોત્તર તેમાં લૌકિક તે જૈન સિવાયના ધર્મ કૃત્યો છે જે અન્યદર્શનીઓ પંચરાત્રિ વિગેરેનો કરે છે તે જાણવો, અને લોકોત્તર તે

જ્ઞાનદર્શન વિગેરેનો પાંચ પ્રકારે જાણવો, તેમાં જ્ઞાનાચાર આઠ પ્રકારે છે.

काले विणए बहुमाणे, उवहाणे तहा अनिण्हवणे;
वंजण अत्थ तदुभये, अट्ठविहो णाण मायारो ॥१॥

કાળમાં, વિનયથી, બહુમાન પૂર્વક, તપસ્યાની સાથે, ભણનાર ગુરૂનો ગુણ ન ભુલતાં સૂત્ર અર્થ અને તે બન્ને શુદ્ધ ભણે તે આઠ પ્રકારનો જ્ઞાનાચાર છે, હવે દર્શન આચાર આઠ પ્રકારનો છે તે બતાવે છે.

निस्संकिय निक्कंखिय, निव्वितिगिच्छा अमूढदिट्ठिय
उववूह थिरी करणे वच्छल्ल पभावणे अट्ठ ॥२॥

શંકા રહિત, અન્યમતની વાંછા રહિત, સંદેહ રાખ્યા વિના, અમૂઢ દ્રષ્ટિપણે, ગુણ સ્તુતી, પડતાને સ્થિર કરીને, બંધુભાવ રાખી, તન, મન, ધનનો, સદુપદેશ કરી, જૈન ધર્મનો પ્રભાવ વધારવો તે તે દર્શનાચાર આઠ પ્રકારનો છે હવે ચારિત્રાચાર આઠ પ્રકારનો છે તે બતાવે છે.

तिन्नेव गुत्तीओ पंचसमिइओ अट्ठमिलि याओ
पवयण माई उ इमा, नाणाइओ चरण संपन्नो ॥३॥

ત્રણ ગુપ્તિ તે મન, વચન, કાયાને, પાપ વ્યાપારમાં ધર્મના સ્વરૂપ વિષયમાં ન રોકવું તે ગુપ્તિ છે. અને

સાંભળીને ચાલવું, બોલવું, ખાવું, વસ્તુ લેવી, મૂકવી, અને શરીર વિગેરેનો મેલ અયોગ્ય સ્થાને ન નાખવો તે પાંચ સમિતિ છે. તે આઠ પ્રવચન માતા કહેવાય છે. તેમાં રહેલો ચરણ યુક્ત સાધુ કહેવાય છે.

તપ આચાર બાર પ્રકારનો છે તે નીચે પ્રમાણે

अणसण मूणोअरिया वित्ती संखेवणं रसच्चाओ
कायकिलेसो संलीणया य बज्झो तवो होइ ॥४॥
पायच्छित्तं विणओ वेयावच्चं तहेव सज्झाओ
झाणं उस्सग्गो विय अब्भितरओ तवो होइ ॥५॥

આહાર ત્યાગ, ઓછું ભોજન, ખાવાની ચીજોનું પ્રમાણ, સ્વાદિષ્ટ વસ્તુનો ત્યાગ, કાયાને કષ્ટ, તથા અંગને સંકોચી રાખવું, એ છ પ્રકારે બાહ્ય તપ છે

અને પાપનું પ્રાયશ્ચિત લેવું, ગુણીઓનો વિનય કરવો, તેમને યોગ્ય વસ્તુ પુરી પાડવી, ધર્મજ્ઞાન ભણવું અશુભ ધ્યાન છોડીને નિર્મળ ધ્યાન કરવું, તથા કાઉસગ્ગ કરવો એ છ પ્રકારે અભ્યંતર તપ છે. વીર્યાચાર અનેક પ્રકારે છે.

अणिगूहिय बल वीरिओ परक्कमइ जो जहुत्तमाउ
त्तो जुंजइ अ जहाथामं नायव्वो वीरिआयारो ॥६॥

ધર્મના કામમાં, પરમાર્થના કામમાં, પોતાનું

આકારમાં જ્ઞાનાદિ આચાર છે. તેનું પ્રતિપાદન કરેનાર
આજ ગ્રન્થ છે. નિર્જરાદિ રત્નો જે આત્માના ગુણ છે
તેમાંથી મળે છે, હવે આશ્વાસ શબ્દ લખે છે, જેમાં આ
શ્વાસ લેવાય તે, તેના ચાર નિક્ષેપામાં દ્રવ્ય વ્યતિરિક્ત
યાનપાત્ર દીપાદિ (વહાણ અને દ્વીપ ડૂબતાને આધાર ભૂ
ભાવાશ્વાસ તે જ્ઞાનાદિ છે, હવે આદર્શ શબ્દ બતાવે
જેમાં દેખાય તે આદર્શ, તેના નામાદિ ચાર નિક્ષેપા
દ્રવ્ય વ્યતિરિક્તમા, દર્પણ, અને ભાવાદર્શ જ્ઞાનાદિ
કહેલ તે છે. કારણ તેની અંદર કર્ત્તવ્યતા દેખાય
હવે અંગ બતાવે છે. જેનામાં પ્રગટ કરાય તે અંગ,
દ્રવ્ય નિક્ષેપામા વ્યતિરિક્ત શરીરનાં અંગ, માથું, ભુ
વિગેરે તેના ભાવ અંગ તે આ, આચાર સૂત્રજ છે.
આચીર્ણ લખે છે તે ઉપયોગમા લેવાના અર્થમાં
તે આચીર્ણ નામાદિ છ પ્રકારે છે. દ્રવ્યાચીર્ણ વ્યતિરિક્ત
સિંહાદિનું ઘાસ ખાવાનું છોડીને માંસનું ભક્ષણ છે,
ક્ષેત્રમાં બાહ્લિક દેશમાં સક્તુ (સાથવો) ખાય છે,
કોંકણમા પેયા ખાય છે. હવે કાલ ચીર્ણમાં જેમકે ઉનાળા
ચંદનનો લેપ લગાવે છે તથા કાલવિધિ
નારી લગાવે છે તથા પાટલ, શિરીષ, અને મલ્લિ
કે ફુલો બ્હાર લાગે છે તેની ગાથા..

सरसों चन्दन पंको, आयंस सरसाय मल्ल कास

[illegible]

[illegible]

[illegible]

[illegible]

બંધ, અનુલોમતા, લાઘવ, અસંમોહ, સદ્ગુણ દીપ એ શાસ્ત્રમાં નિશ્ચય કરીને એકાર્થના ગુણો છે (જુદા જુદા દેશના રહેવાસી શિષ્યોને સમજવામાં આ પર્યાયોથી અર્થને જડતા સારી થાય છે અને બરોબર સમજવાથી તેમ પ્રવૃત્તિ હોંશથી થાય છે) ॥૭॥

હવે પ્રવર્તના દ્વાર કહે છે, ભગવાને ક્યારે આચારગ્રન્થ કર્યો તે બતાવે છે.

सव्वेसिं आयारो तित्थस्स पवत्तणे पढमयाए
सेसाइं अंगाइं एक्कारस आणुपुव्वीए ॥८॥

બધા તીર્થંકરો તીર્થ સ્થાપે તે વખતે પ્રથમ આચારાંગનો અર્થ કહે તેમ પૂર્વમાં અને વર્તમાન અને ભવિષ્યમાં પણ જાણવું ત્યારપછી બીજાં અગ્યાર અંગનો વિષય કહે છે અને તે જાણીને શિષ્યોને હિતાર્થે ગણધર ભગવંતો અનુપૂર્વીએ સૂત્રોની રચના કરે છે ॥ ૮ ॥ હવે પહેલું શા માટે કર્યું તે બતાવે છે

आयारो अंगाणं पढमं अंगं दुवालसण्हंपि
इत्थ य मोक्खोवाओ एस य सारो पवयणस्स ॥९॥

આ આચાર ગ્રન્થ બાર અંગોમાં પહેલું કહીને તે કારણ બતાવે છે. અહિંઆં મોક્ષનો ઉપાય જે ચરણ કરણ તે બતાવે છે. આ પ્રવચનનો સાર છે કારણ કે તે મુખ્ય

મોક્ષનો હેતુ છે. એમ સ્વીકાર્યું છે. અને એ આચારમાં રહેલો, બીજાં અંગોનું અધ્યયન કરવાને યોગ્ય છે. તેથી તેને પહેલું બતાવ્યું છે ॥ ૯ ॥

હવે ગણિદ્વાર કહે છે. સાધુ વર્ગ અથવા ગુણોનો ગણ જેને હોય તે ગણી અને આચારને આધીન ગણિપણું છે તે બતાવે છે.

आयाराम्मि अहीए जंनाओहोइ समण धम्मोउ
तम्हा आयार धरो भण्णइ पढमं गणिट्ठाणं ॥१०॥

જે આચાર, અધ્યયનથી દશ પ્રકારનો ક્ષાન્ત્યાદિ અથવા ચરણ કરણ આત્મક શ્રમણ ધર્મ જાણીતો થાય છે, તેથી બધા ગણિપણાના કારણમાં આચાર ધરપણું પહેલું અથવા મુખ્ય ગણિસ્થાન છે ॥ ૧૦ ॥

(ગણિપણું કોણ ધરાવે તેનો ઉત્તર એ સૂચવ્યો કે બધ. ગુણોમાં મુખ્ય ગુણ આચાર છે માટે તેનો આચાર સારો હોવો જોઇએ) હવે પરિમાણ બતાવે છે. આ અધ્યયનથી, પદથી, એ બે પ્રકારે બતાવે છે.

णवबंभ चेर मइओ, अट्ठारस पय सहस्सिओ वेअं
हवइ य सपंच चूलो बहु बहु तरओ पयग्गेणं ॥ ११ ॥

તેમાં અધ્યયનથી નવ બ્રહ્મચર્ય નામથી આચારાંગ આ ગ્રન્થ છે. અને પદથી અઢાર હજાર પદરૂપ છે

શબ્દથી એમ બતાવે છે કે, જેના વડે, હેય, અને ઉપાદેય, પદાર્થોનું સ્વરૂપ જાણે તે વેદ, આ ક્ષાયોપશમિક ભાવમાં વર્તનારો આ આચાર ગ્રન્થ છે (આચારને બદલે મૂળમાં વેદ શબ્દ વાપર્યો છે) તેની સાથે પાંચ ચુડાઓ છે. તેથી પાંચ ચુડાવાળો થાય છે. કહેવામાં જે બાકી ખુલાસો કરવાનો હોય તે બતાવનાર ચુડા કહેવાય છે. તેમાં પહેલી સાત અધ્યયનવાળી છે. તે આ પ્રમાણે–

पिंडेसण सेज्जिरिया, भासज्जाया य वत्थपाए मा उग्गहपडि, मात्ति,

પિંડૈષણા, શય્યા, ઇર્યા, વિગેરે સાત અધ્યયનવાળી છે, બીજી સત્ત સત્તિકયા, ત્રીજી ભાવના, ચોથી મુક્તિ, અને પાંચમી નેનિશીથાધ્યયન 'बहु बहु रओ पदगोणं' તિ તેમાં ચાર ચુલિકારૂપ બીજો શ્રુતસ્કંધ, ઉમેરવાથી બહુ અને નિશીથ નામની પાંચમી ચુલિકા ઉમેરવાથી બહુતર, અને અનંત, ગમ, પર્યાયરૂપે બહુતમ છે તે પદ પરિમાણવડે થાય છે (આનુ વિવરણ આગળ કરશે) ॥ ૧૧ ॥

હવે ઉપક્રમની અંદર સમવતારનું દ્વાર છે, તેમાં, આ ચુડાઓ નવ બ્રહ્મચર્ય અધ્યયનમાં સમાય છે તે બતાવે છે.

आयार ग्गाणत्थो, बम्भ चेरेसु सोममोयरह
मोऽवियमन्थपरिण्णा, ऍ विंहि अत्थो समोयरह ॥१२॥

तत्थ परिण्णा अत्थो, छस्सुवि कायेसु सो समो यरइ
छज्जीवणिया अत्थो, पंचसुवि वएसु ओयरइ ॥१३॥
पंचय महव्वयाइं, समोयरंते य सव्व दव्वेसुं
सव्वेसिं पज्जवाणं, अणन्त भागम्मि ओयरइ ॥१४॥

આચાર અગ્રનો, અર્થ બ્રહ્મચર્યમાં અવતરે છે, અને તેપણ શસ્ત્ર પરિજ્ઞામાં સમુદાય અર્થ સમાય છે ॥ ૧૨ ॥ અને શસ્ત્ર પરિજ્ઞાનો અર્થ છે તે છ કાયમાં સમાય છે, અને છ જીવણિઆનો અર્થ પંચ મહા વ્રતમાં સમાય છે, ॥ ૧૩ ॥ અને પાંચ મહાવ્રત છે તે સર્વ દ્રવ્યોમાં સમાય છે, અને સર્વે પર્યાયોના અનંત ભાગમાં એ દ્રવ્ય સમાય છે. ॥ ૧૪ ॥

ટીકાકારે ગાથાઓ સહેલી સમજીને ટીકા કરી નથી, માટે સાદો અર્થ ઉપર લખ્યો છે. પણ આચાર અગ્ર તે ચુલિકાઓ જાણવી, એટલે એમ સૂચવ્યું કે, ચુલિકાઓ બ્રહ્મચર્યમાં સમાય છે, બાકી ઉપર મુજબ છે. તેમાં દ્રવ્યો તે ધર્માસ્તિકાય વિગેરે છ લેવાં, અને પર્યાયમાં અગુરૂ લઘુ વિગેરે છે. તેમના અનંતમે ભાગે વ્રતોનો અવતાર થાય. ॥ ૧૨-૧૩-૧૪ ॥

શિષ્યનો પ્રશ્ન, મહાવ્રતોનો બધા દ્રવ્યમાં અવતાર કેવી રીતે થાય અને સર્વ પર્યાયોમાં કેમ ન થાય? તેનું સમાધાન કરે છે.

छ જીવનિકાય પહેલા અને બીજામાં છે, ત્રીજે ચોથા વ્રતમાં સર્વ દ્રવ્યો છે, અને બાકીના મહાવ્રતો દ્રવ્યના એક દેશમાં છે. હવે મહાવ્રતનો ઉપર પૂછેલો પ્રશ્ન સમજાવે છે. જે અભિપ્રાયવડે પ્રેરણા કરી તે બતાવે છે.

णणु सव्व णभ पएसा, णंत गुणं पढम संजमट्ठाणं।
छव्विह परिवुड्ढीए, छट्ठाणा संखया सेढी ॥१॥
अन्नेऽवि पज्जाया, जेणुव उत्ता चरित्त विसयम्मि
तो नत्तो णंत गुणा, जेसिं तमणंत भागम्मि ॥२॥
अन्ने केवल गम्मत्ति, ते मई नेयके तदुवमहिया ?
एगंपि होज्ज तुल्ला, णाणंत गुणत्तणं जुत्तं ॥३॥
॥चो०॥ सेढीसु णाणदंसण, पज्जाया तेण तप्पमाणेसु
इच्छुण चरित्त मेत्तो, थओगिणो तेण ते थोवा ॥४॥

આ ગાથાઓનો ટુંકામાં અર્થ બતાવે છે. (નનુતે અસૂયાનઃ અર્થમાં છે) સંયમ સ્થાન અસંખ્યાત છે. તેઓમાં જે જઘન્ય છે, તે જેઓનો વિભાગ ન થાય એવું, નાનું આપણે કલ્પિએ તે પૂર્વોક્તરૂપે અવિભાગ અનંત, અવિભાગ, પરિચ્છેદરૂપ છે. અને તે પર્યાય સંખ્યાવડે નિર્દિષ્ટ કરીએ

તે બધા આકાશ પ્રદેશની સંખ્યાથી અનન્ત ગણું છે. એટલે આકાશના જેટલા પ્રદેશો છે તેનો વર્ગ કરીએ તેટલું છે. તેથી બીજું વિગેરે સ્થાનોવડે અસંખ્યાત ગણામાં જવાવડે અનન્ત ભાગ આદિવૃદ્ધિવડે છ સ્થાનમાં રહેનારી અસંખ્યેય સ્થાન ગત શ્રેણી થાય છે. આ પ્રમાણે એકપણ સ્થાન સર્વ પર્યાયો યુક્ત હોય તે ગણતરીમાં ગણી શકાય નહિ ત્યારે કેવી રીતે બધા ગણી શકાય ? એટલા માટે, હવે કયાં બીજા પર્યાયો ? કે જેઓના અનન્ત ભાગે વતો રહે છે. જે પર્યાયો બુદ્ધિમાં પહોંચે તે લેવા બાકીના કેવળી ગમ્ય છે તેનો ભાવાર્થ આ છે કે કેવળી જાણે પણ ન કહે. પણ તેવા પર્યાયોને પણ તેમાં ઉમેરવાથી બહુપણું થાય એજ પ્રમાણે જ્ઞાન અને જ્ઞેય એ બન્નેના તુલ્ય પણાથી બન્ને બરોબર છે. તેથી અનન્ત ગુણા ન થાય માટે શિષ્યની આ શંકાને દૂર કરવા આચાર્ય કહે છે કે આ સંયમ સ્થાન શ્રેણી કહી તે બધા ચારિત્ર પર્યાયો તથા જ્ઞાનદર્શન પર્યાય સહિત લઈએ તો પરિપૂર્ણ થાય, સર્વ આકાશ પ્રદેશથી તે પર્યાયો અનંત ગુણા થાય. અહિંઆં ફક્ત ચારિત્ર માત્ર ઉપયોગીપણાથી પર્યાયોનો અનન્ત ભાગ વૃત્તિપણું સમજ્યું તેથી તમારો બતાવેલો દોષ લાગુ પડતો નથી. હવે સારદ્વાર કહે છે. કોનો કયો સાર તે બતાવે છે.

अंगाणं किं सारो ?, आयारो तस्स हवइ किं सारो ?

अणु ओगस्यो सारो, तस्स विय परू वणा सारो ॥१६॥

અંગોનો શું સાર છે ? ઉ આચાર તેનો શું સાર છે. અનુયોગ અર્થ, અને તેનો સાર પ્રરૂપણા છે. ગાથાનો અર્થ સરલ હોવાથી ટીકા નથી કરી અનુયોગ અર્થ એટલે કહેવાનો વિષય અને તેની પ્રરૂપણા એટલે પોતાની પાસે છે તે બીજાને સમજાવવુ વળી

सारो परू वणाए, चरणं तस्स विय होइ निव्वाणे

निव्वाणस्स उसारो अव्वाबाहं जिणा बिंति ॥१७॥

પ્રરૂપણાનો સાર ચારિત્ર (સદ્દર્તન છે. અને તેના વડે મોક્ષ છે. અને મોક્ષનો સાર અવ્યાબાધ સુખ છે એવુ જીનેશ્વર દેવ કહે છે. હવે શ્રુતસ્કંધ અને પદના નામાદિ નિક્ષેપા વિગેરે પૂર્વ માફક કહેવા અહિંઆ ભાવ નિક્ષેપાનું કામ છે. તે ભાવ શ્રુતસ્કંધ બ્રહ્મચર્ય રૂપ છે. એથી બ્રહ્મ, ચરણ એ બે શબ્દોના નિક્ષેપા કરવા તે કરે છે.

बंभम्मीय चउक्कं, ठवणाए होइ बंभणुप्पत्ती

सत्तण्हं वण्णाणं, नवण्ह वण्णं तराणंच ॥१८॥

તેમાં બ્રહ્મ તેના ચાર નિક્ષેપા છે. નામ બ્રહ્મ, તે કોઈનું નામ હોય, અસદ્‌ભાવ સ્થાપનામાં અક્ષ વિગેરેમાં કલ્પના કરવી, અને સદ્‌ભાવના સ્થાપનામાં બ્રાહ્મણે જનોઈ પહેર

હોય તેવી આકૃતિ વાળી માટી વિગેરે દ્રવ્યની મૂર્તિ હોય અથવા સ્થાપનામાં કહેવાતા સંબંધમાં બ્રાહ્મણની ઉત્પત્તિ કેવી થઇ તે બતાવવી તે પ્રસંગને લઇનેસાત વર્ણ અને નવ વર્ણાંતરની ઉત્પત્તિ બતાવવી જોઇએ તે બતાવે છે.

एक्का मणुस्स जाई, रज्जुप्पतीइ दो कया उसभे
तिण्णेव सिप्प वणिए, सावग धम्मम्मिचत्तारि ॥१९॥

જ્યાં સુધી ઋષભદેવ ભગવાન ગાદીએ બેઠા નહોતા ત્યાં સુધી મનુષ્ય જાતી એકજ હતી. અને રાજ્ય ગાદીએ બેઠા પછી ભગવંતને આશ્રયીને જે રહ્યા તે ક્ષત્રિયો કહેવાયા અને બાકીના શોચ કરવાથી અને રૂદન કરવાથી શુદ્ર કહેવાયા અને અગ્નિની ઉત્પત્તિ થતાં તેમાંથી લોહાર વિગેરે ન્‍ શિલ્પ તથા વેપારની વૃત્તિએ ગુજરાન કરવાથી વૈશ્યો કહેવાયા અને ભગવાનને કેવળજ્ઞાન થયા પછી તેમના પુત્ર ભરત મહારાજાએ કાકણી રત્ન વડે લાંછન કરવાથી તે શ્રાવકો અને તેજ બ્રાહ્મણો કહેવાયા તે સંબંધમાં ચુર્ણિકાર નિચે મુજબ કહે છે. જે રાજાને આશ્રયી રહ્યા તે ક્ષત્રિય કહેવાયા અને બીજા ગૃહપતિ કહેવાયા. જ્યારે અગ્નિ ઉત્પન્ન થયો ત્યારે પાક (રાંધવું) ને આશ્રયી શિલ્પીઓ અને વેપારી થયા, તેમનાં શિલ્પ અને વેપાર વડે વૈશ્યો ઉત્પન્ન થયા અને જિનેશ્વરે દીક્ષા લીધી, અને રાજગાદી ભરતને મળી. ત્યારે જેઓએ શ્રાવકોનો ધર્મ સ્વીકાર્યો તેઓ બ્રાહ્મણ

કહેવાયા. તેઓનું કર્તવ્ય એ હતું કે લોકોને કહેતા 'મા
માહણ, અર્થાત્ કોઇ અજ્ઞાન દશાથી જીવોનું દુઃખ વિચાર
તેને મારે તો તેઓ ધર્મ પ્રિય થઇને રહેતા કે જીવને
મારો, દુઃખ ન દો, આવી માણસોમાં ધર્મ પ્રવૃત્તિ ...
તેઓ માહણા, બ્રાહ્મણ, કહેવાયા. અને જેઓ શિલ્પ ...
તથા ધર્મ રહિત હતા તે અમે ખરા છીએ એવું મ
કામ પડતાં હિંસા, ચોરી વિગેરે કરતાં દુઃખ આવતાં રે
રૂએ તેથી શુદ્ર કહેવાયા. એ પ્રમાણે ત્રણ જે શુદ્ર જાતિ
કહી. તે અને બીજી જાતિઓ એકવીશમી ગાથા વડે બતાવ
હવે વર્ણ અને વર્ણાંતરથી થયેલ સંખ્યા બતાવે છે.

संजोगे सोलसगं, सत्तयवण्णाउ नव य अंतरिणे
ए ए दोवि विगप्पा, ठवणा बंभस्स णायव्वा ॥१

સંયોગ વડે સોળ વર્ણ થયા તેમાં સાત વર્ણ
નવ વર્ણાંતર જાણવી. આ વર્ણ અને વર્ણાંતર એવા બે
સ્થાપના બ્રહ્મ-જાણવા. હવે પૂર્વે કહેલી ત્રણ વર્ણને અ
પૂર્વે કહેલી સાત વર્ણને બતાવે છે.

पगई चउवग्गाणि, तेरयते हुंति सत्त वण्णाउ,
आणंतरसु चरमा, वण्णा खलु होइ णायव्वा ॥२

ચાર મૂળ જાતિ બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, અને શુદ્ર
તેમાંથી એક બીજાના સંયોગથી ત્રણ ત્રણ ઉત્પન્ન

જેમકે બ્રાહ્મણથી ક્ષત્રિય સ્ત્રી સાથે જે પુત્ર થાય તે પ્રધાન ક્ષત્રિય અથવા સંકર કહેવાય એ પ્રમાણે ક્ષત્રિય પુરૂષથી વૈશ્ય સ્ત્રી સાથે જાણવું તથા વૈશ્ય પુરૂષ અને શુદ્ર સ્ત્રી હોય તેઃ તે પ્રમાણે દરેકમાં પ્રધાન અને સંકર કહેવા એ પ્રમાણે સાત વર્ણો થાય છે. અનંતરે થયા તે અનંતરા તે યોગોમાં પરમ વર્ણનો વ્યપદેશ થાય છે જેમકે બ્રાહ્મણ પુરૂષથી ક્ષત્રિયાણી સ્ત્રીથી ક્ષત્રિય થાય વિગેરે અને તે સ્વસ્થાનમાં પ્રધાન થાય છે.

હવે નવ વર્ણાંતરનો નામો બતાવે છે ॥૨૧॥

अंबट्टुग निसायाय अजोगव मागहाय सूयाय
खत्ता(य) विदेहाविय चंडाला नवमगा हुंति ॥२२॥

અંબષ્ઠ, ઉગ્ર, નિષાદ, અયોગવ, માગધ, સૂત, ક્ષત્તા, વિદેહ, અને ચાંડાલ એ કેવી રીતે, તે બતાવે છે. ॥૨૨॥

एगं अंतरिए इणमो, अंमट्टो चेव होइ उग्गोय
मिहगंतरिअ निसाओ, परासरं तंच पुणवेगे ॥२३॥
पडि लोम सुद्दाई, अजोगवं मागहो य सूओअ
एगंतरिए खत्ता, वेदेहा चेव नायव्वा ॥२४॥
बितिपंतरे नियमा, चंडालो सोवि होइ णायव्वो
अणु लोमे पडिलोमे एवं ए ए भवे भेया ॥२५॥

ઉગ્ર પુરૂષ ક્ષત્તાસ્ત્રી શ્વપાક	વિદેહ પુરૂષ ક્ષત્તા સ્ત્રી વેણવ	નિષાદ પુરૂષ અંબષ્ટી અથવા શુદ્રી સ્ત્રી બુક્કસ	શુદ્ર પુરૂષ નિષાદ સ્ત્રી કુકકુરક

સ્થાપના બ્રહ્મ પુરો થયો. હવે દ્રવ્ય બ્રહ્મ બતાવે છે.

दव्वं सरीर भविओ, अन्नाणी वत्थि संजमो चेव
भावेउ वत्थि मंजम, णायव्वो संजमो चेव ॥२८॥

જ શરીર, ભવ્યશરીર, શિવાય શાકય, પરિવ્રાજક, વિગેરે અન્ય દર્શનીય સાધુઓના શરીર માત્ર એટલે સ્ત્રી અંગ ત્યાગ પણ તત્વ બોધ વિનાનું બ્રહ્મચર્ય વ્રત તથા વિધવા અથવા પરદેશ ગયેલા પતિવાળી, અથવા પતિએ દૂર કરેલી જે સ્ત્રી ઇચ્છા વિના પણ કુળની મર્યાદાએ બ્રહ્મચર્ય પાળે છતાં કુશીલ સેવનારને સહાયતા કરે તથા કુશીલ બીજા પાસે કરાવે તે દ્રવ્ય બ્રહ્મ જાણવું ભાવ બ્રહ્મ તે સાધુઓ સર્વથા અઢાર ભેદે જે સંયમ પાળે અને ઇન્દ્રિય નિરોધ કરે તે. આ ઉત્તર ભેદે જે સંયમ છે તેનાથી ઘણે અંશે મળતું છે. ઉપર જે અઢાર ભેદ કહ્યા તે આ પ્રમાણે. મન, વચન, કાયાવડે કરવું અને કરાવવું અને અનુમોદવું એ દેવતા સંબંધી વૈક્રિય શરીરથી અને મનુષ્ય તિર્યંચીનું ઔદારિક શરીર તે સંબંધી એટલે ત્રણ કરણ ત્રણ યોગ અને બે શરીર એ ત્રણે નો

આ ગાથાનો અર્થ સ્પષ્ટ છે પણ એમ સમજવું આ નવ અધ્યયન રૂપ આચાર છે અને બાકી જે બીજા શ્રુતસ્કંધનાં અધ્યયન છે તે અગ્રાણિ એટલે આચારને સહાય કરનારાં છે. હવે ઉપક્રમમાં રહેલો અર્થ અધિકાર બે પ્રકારે છે (૧) અધ્યયનનો અર્થાધિકાર, તથા ઉદ્દેશાનો અર્થાધિકાર છે તેમાં પહેલાનું વર્ણન કરે છે

जिअसंजमो१ अलोगो जह बज्झइ जहयतं पज
यव्वंर२

सुह दुःख तितिक्खाविय,३ सम्मत्तं४ लोगसा
य ॥३३

निस्संगया६ य छट्ठे, मोह समुत्था परी सहुव सग्गा
निज्जाणं८ अट्ठमए नवमे य जिणेण एवंति ९ ॥३

તે શસ્ત્ર પરિજ્ઞામાં આ અર્થાધિકાર છે જીવ સં [illegible] એટલે જીવોને દુઃખ ન દેવું તથા હિંસા ન [illegible] બીજાનું અનિત્ય સમજાવે અને [illegible] છે [illegible] જીવનું [illegible] તથા [illegible] વિરતિ [illegible] અહીં અર્થ અધિ [illegible] વિજયમાં [illegible] એટલે વિ [illegible] એટલે [illegible] સમ્યક્ત્વ [illegible] અજ્ઞાન [illegible] કર્મથી બંધાય [illegible] ન બાંધવું તે [illegible] અહીં અર્થ અધિકાર છે. [illegible] સંયમમાં [illegible] એટલે અનુક્રમ [illegible]

પ્રતિકૂળ-ઉપસર્ગ આવી પડતાં સુખ દુઃખમાં મધ્યસ્થ ભાવ રાખવો, ચોથામાં પૂર્વે કહેલા અધ્યયનના વિષયને જાણનારા સાધુએ તાપસ વિગેરેના કષ્ટ અને તપશ્ચર્યાના પ્રતાપે તેને આઠ ગુણવાળું ઐશ્વર્ય (અષ્ટસિદ્ધિ) પ્રાપ્ત થાય તેને દેખીને પણ પોતાના નિર્મળ ભાવમાં ખલના ન પામતાં દઢ સમ્યકત્વપણે રહેવું. અને પાંચમામાં ચાર અધ્યયન વડે સ્થિરતા કરીને અસાર પરિત્યાગવા વડે એટલે સંસારની સુંદર વસ્તુઓનો મોહ છોડીને ત્રણ રત્નરૂપ જ્ઞાન, દર્શન, ચારિત્ર જે લોકસાર છે તેમાં ઉદ્યમવાળા થવું. છઠ્ઠામાં પૂર્વે કહેલા ગુણવાળા સાધુ નિઃસ્વાર્થ બનીને અપ્રતિબદ્ધ સ્વરૂપે થવું. સાતમામાં સંયમાદિ ગુણયુક્ત સાધુને પૂર્વના પાપના ઉદયથી મોહ ઉત્પન્ન કરનારા પરિષહ અથવા ઉપસર્ગ થાય તો સમ્યક્ પ્રકારે સહન કરવા. આઠમામાં નિર્યાણ છે. તે અંતક્રિયા સર્વ ગુણયુક્ત સાધુએ સારી રીતે કરવી. નવમામાં પૂર્વે કહેલા આઠ અધ્યયનમાં જે જે અર્થ છે તે શાસન નાયક વર્દ્ધમાન સ્વામીએ બરોબર પાળ્યો છે. અને તે બીજા સાધુઓ બરોબર ઉત્સાહથી પાળે તેથી બતાવ્યો છે. તે કહ્યું છે કે—

तित्थयरो चउणाणी, सुरमहिओ सिज्झियव्वयधु वंमि
अणिगूहिय बलविरिओ, सव्वत्थामेसु उज्जमइ ॥१॥
किं पुण अवसेसेहि, दुःक्खक्खय कारणा सुविहि एहिं
होंति न उज्जमियव्वं, सपच वायंमि माणुस्से ॥ २ ॥

તીર્થંકર જે ચાર જ્ઞાનનો ધરનાર, દેવતાઓથી પૂજિત અને નિશ્ચય કરીને મોક્ષમાં જનાર છે છતાં પણ શક્તિ પ્રમાં બળ અને વીર્યને ઉપયોગમાં લઇને બધા બળથી ઉદ્યમ કે છે તો દુઃખોના ક્ષય કરવાને બાકીના સુવિહિત પુરૂષો ખાત્રીવાળા મોક્ષ માર્ગ માટે વિઘ્નવાળા મનુષ્ય જન્મ ઉદ્યમ કેમ ન કરવો. (આ બે ગાથાનો પરમાર્થ એ છે તીર્થંકર જ્ઞાનથી જાણનારા અને દેવોથી પૂજિત છતાં મોક્ષ માટે ઉદ્યમ કરે તો બીજા ડાહ્યા પુરૂષે મનુષ્ય જન્મમાં સુખ બદલે અનેક દુઃખ આવનારાં જાણીને આ માટે મોક્ષ આપનાર ચારિત્ર ધર્મમાં પોતાની સંપૂર્ણ શક્તિથી ઉદ્યમ ન કરવો હવે ઉદ્દેશાનો અર્થાધિકાર શસ્ત્ર પરિજ્ઞાનો આ પ્રમાણે છે.

जीवो छकाय परू, वणाय तेसिं वहेय बंधोत्ति ।
विरईए अहिगारो, सत्थपरिण्णा ए नायव्वो ॥३॥

તેમાં પહેલા ઉદ્દેશામાં સામાન્યથી જીવનું અસ્તિ સિદ્ધ કરવું. અને બાકીના ઉદ્દેશામાં વિશેષ પ્રકારે પૃથિવી વિગેરેનું અસ્તિત્વ બતાવવું. અને બધાઓને છેદે જે કર્મ બંધન છે તેની વિરતિ બતાવવી. આ છેદે મૂકેલ હોવા પ્રત્યેક ઉદ્દેશાના વિષયમાં જોડવું. પહેલા ઉદ્દેશામાં જીવ વર્ણન, તેના વધથી બંધન. અને તેનાથી પાછા હઠવું વિરતિ છે. અહિં શસ્ત્ર પરિજ્ઞા એ નામમાં બે પદ છે. તે પહેલા શસ્ત્ર પદના નિક્ષેપા બતાવે છે

दव्वं सत्थग्गि विसनेहं, बिलखार लोण माईवं ।
भावोयदुप्पउत्तो, वायाकाओ अविरईया ॥ ३६ ॥

શસ્ત્રના નિક્ષેપા નામ વિગેરે ચાર પ્રકારે છે. વ્યતિરિક્ત દ્રવ્ય શસ્ત્ર તે તલવાર વિગેરે. અગ્નિ, વિષ, સ્નેહ (ઘી તેલ વિગેરે) અમ્લ ક્ષાર, લવણ, (મીઠું વિગેરે) છે. ભાવશસ્ત્ર તે દુષ્ટ ધ્યાન છે એટલે અંતઃકરણ તથા વચન અને કાયામાં જે અવિરતિ છે. તે જીવોને ઘાત કરનારી હોવાથી દુષ્ટ વૃત્તિ છે તે ભાવશસ્ત્ર જાણવું હવે પરિજ્ઞાના પણ ચાર નિક્ષેપા કહે છે.

दव्वं जाणण पच्चक्खाणे, दविए सरीर उवगरणे
भाव परिण्णा जाणण, पच्चक्खाणंच भावेणं ॥ ३७ ॥

દ્રવ્ય પરિજ્ઞા બે પ્રકારે છે. તેમાં જ્ઞ પરિજ્ઞા અને પ્રત્યાખ્યાન પરિજ્ઞા છે. જ્ઞ પરિજ્ઞાના બે ભેદ છે. આગમથી અને નો આગમથી. આગમથી જ્ઞાતા પણ તેનો ઉપયોગ ન હોય, નો આગમથી ત્રણ પ્રકારે છે. તેમાં જ્ઞ શરીર અને ભવ્ય શરીર શિવાય વ્યતિરિક્ત દ્રવ્ય પરિજ્ઞા જે કંઇ દ્રવ્યને જાણે તેમાં સચિત્ત આદિનું જ્ઞાન થાય તેથી તે પરિચ્છેદ્ય દ્રવ્યના પ્રધાનપણાથી દ્રવ્ય પરિજ્ઞા છે. તેજ પ્રમાણે પ્રત્યાખ્યાન પરિજ્ઞા પણ જાણવી. તેમાં વ્યતિરિક્ત દ્રવ્ય પ્રત્યાખ્યાન પરિજ્ઞામાં દેહ ઉપકરણ વિગેરેનું જ્ઞાન થવું અને ઉપકરણ તે રજોહરણ વિગેરે લેવાં. કારણ કે તે સાધકતમ

પણ છે. અને ભાવ પરિજ્ઞામાં પણ બે પ્રકાર છે. જ્ઞ પરિજ્ઞા અને પ્રત્યાખ્યાન પરિજ્ઞા છે. તેમાં આગમથી જ્ઞાતા અને ઉપયોગ રાખનારો જાણવો અને નો આગમમાં જ્ઞાન ક્રિયારૂપ અધ્યયનજ છે. નો શબ્દનો અર્થ ક્રિયા અને જ્ઞાન એ મિશ્રપણું બોલનાર અર્થ છે. તેજ પ્રમાણે પ્રત્યાખ્યાન ભાવ પરિજ્ઞાને પણ જાણવી. આગમથી પૂર્વ પ્રમાણે છે. પણ નો આગમથી પ્રાણાતિપાતની નિવૃત્તિરૂપ જાણવી. તે મન વચન અને કાયાએ ત્રણ યોગ અને કૃત, કારિત અને અનુમતિ (કરવું કરાવવું, અનુમોદવું) એમ નવ પ્રકારે હિંસાથી અટકવા રૂપ જાણવું નામ નિષ્પન્ન નિક્ષેપો પુરો થયો. હવે આચાર વિગેરે આપનારના અને તે સહેલાઈથી સમજાય માટે દૃષ્ટાંત બતાવી વિધિ કહે છે.

જેમ કોઈ રાજાએ પોતાનું નવું નગર સ્થાપવાની ઇચ્છાથી જમીનના ભાગો કરીને સરખે ભાગે પ્રધાનોને આપ્યા. તેજ પ્રમાણે કચરો દૂર કરવા શાલ્ય (કાંટા વિગેરે) દૂર કરવા તથા જમીન સરખી કર્યા પછી ઇંટોના ચૈત્ય-વાળો મહેલ બનાવવા તથા રત્ન વિગેરે મદદ કરવા ઉપદેશ આપ્યો. તેથી તે પ્રધાનોએ રાજાના ઉપદેશ પ્રમાણે પોતાનું સર્વ કરીને રાજાની મહેરબાનીથી ઇચ્છિત ભોગોને ભોગવ્યા. આ દૃષ્ટાંત છે. તેના ઉપરથી એમ સમજવું કે રાજા સમાન આચાર્ય પ્રધાન સમાન શિષ્ય સાધુઓને ભૂખંડરૂપ સંયમ તેને

બરાબર સમજાવીને મિથ્યાત્વાદિ કચરો દૂર કરી સર્વ ઉપા-ધિથી શુદ્ધને દીક્ષા આરોપીને સામાયિક સંયમમાં સ્થિર કરીને પાકી ઇંટોના ચોતરા સમાન વ્રતોને આપવાં તેના ઉપર મહેલ સમાન આચારને સમજાવવો. તેમાં રહેલો મુમુક્ષુ બધાં શાસ્ત્રરૂપ રત્નોને પ્રાપ્ત કરે છે અને મોક્ષનું સુખ મેળવે છે.

હવે સૂત્ર અનુગમમાં અસ્ખલિતાદિ ગુણ લક્ષણવાળું સૂત્ર ઉચ્ચારવું તેનું લક્ષણ આ છે.

अप्पग्गंथ महत्थं, बत्तीसा दोस विरहियं जं च ।
लक्खण जुत्तं सुत्तं, अट्ठहिय गुणेहिं उववेयं ॥ १ ॥

થોડા બોલમાં મહાન અર્થને અને બત્રીશ દોષ રહિત લક્ષણયુક્ત આઠ ગુણે કરીને યુક્ત બોલવું. તે આ પ્રમાણે છે.

' सुयं मे आउसं तेणं भगवया एव मक्खायं-
इह मेगेसि णो सण्णा भवइ ' (सू० १)

સૂત્રના ગુણો બતાવ્યા પછી પહેલું સૂત્ર ઉપર બતાવ્યું છે 'સુયં મે' ઇત્યાદિ આ સૂત્રની સંહિતાદિ ક્રમવડે વ્યાખ્યા કરે છે. તેમાં (૧) સંહિતા તે આખું શુદ્ધ સૂત્ર ઉચ્ચારવું જોઈએ તે બતાવ્યું. હવે (૨) પદચ્છેદ કરે છે. श्रुतं, मया, आयुष्मन् ! तेन भगवता, एवं आख्यातम्, इह, एकेषां, नोसंज्ञा, भवति, આમાં છેવટનું પદ ક્રિયા પદ છે. બાકીનાં નામ, સર્વનામ, વિશેષણ, વિગેરે છે. પદચ્છેદ સૂત્ર અનુગમ કર્યા પછી હવે સૂત્રના પદાર્થ કહે છે. એટલે સૂત્ર સ્પર્શકનો

મોહ કહેવાનું હોવાથી જ્ઞાન સંજ્ઞા બતાવે છે. મનન એટલે મતિ તે અવબોધ છે. તે મતિજ્ઞાન વિગેરે પાંચ ભેદે છે. એટલે જ્ઞાનના પાંચ ભેદમાં કેવળજ્ઞાન ક્ષાયિક ભાવમાં છે. અને મતિ, શ્રુત, અવધિ, અને મનપર્યય એ ચાર જ્ઞાન ક્ષય ઉપશમ ભાવમાં છે. તે ક્ષાયિકી અને ક્ષાયઉપશમિકી સંજ્ઞાઓ જાણવી અને અનુભવ સંજ્ઞામાં પોતાના કરેલા કર્તવ્યોથી તેનાં ફળ ભોગવતાં જીવોને જે બોધ થાય છે તે અનુભવ સંજ્ઞા જાણવી. તેના સોળ ભેદ છે તે બતાવે છે.

आहार भय परिग्गह, मेहुण सुख दुक्ख मोह विति-गिच्छा
कोह माण माय लोहे, सोगे लोगे य धम्मोहे ॥ ३९ ॥

આહારની ઇચ્છા તે આહાર સંજ્ઞા, આ સંજ્ઞા તૈજસ શરીર નામના કર્મના ઉદયથી અને અસાતા વેદની થતાં સર્વે સંસારી જીવોને ઓછા વધતા પ્રમાણમાં ભુખ લાગે છે તે જાણવી, ભય સંજ્ઞા તે ત્રાસરૂપ જાણવી. પરિગ્રહસંજ્ઞા તે મૂર્છારૂપ જાણવી. મૈથુન સંજ્ઞા તે સ્ત્રી પુરૂષને પરસ્પર પ્રેમ થાય તે પુરૂષ વેદ વિગેરે જાણવા. આ મોહનીય કર્મના ઉદયથી થાય છે. સુખ દુઃખ એ બે સંજ્ઞાઓ સાતા અને અસાતારૂપે અનુભવનાં વેદનીય કર્મના ઉદયથી છે. મોહ સંજ્ઞા તે મિથ્યા દર્શનરૂપ મોહના ઉદયથી છે વિચિકિત્સા સંજ્ઞા તે ચિત્તની વિપ્લુતિ (ભ્રમણા)થી મોહના ઉદયથી થા...

नामं ठवणा दविए, खित्ते तावेय पण्णवग भावे
एस दिसा निक्खेवो, सत्त विहो होइ णायव्वो ॥३॥

નામ, સ્થાપના દ્રવ્ય ક્ષેત્ર, તાપ, પ્રજ્ઞાપક, ભાવ, એ સાત રૂપે દિશાનો નિક્ષેપો જાણવો. સચિત્ત આદિ કે વસ્તુનું દિશા એવું નામ, તે નામ દિશા. ચિત્રમાં કે જંબૂદ્વીપ વિગેરેના નકશામાં દિશાના વિભાગ સ્થાપવા સ્થાપના દિશા છે. હવે દ્રવ્ય દિશાનો નિક્ષેપો કહે છે.

तेरस पयेसियं खलु, तावइ एसुं भवे पए सेसुं
ज दव्वं ओगाढं, जहण्णयं तं दस दिसागं ॥ ४॥

દ્રવ્યદિશા આગમથી અને નો આગમથી એમ પ્રકારે છે. આગમથી દિશાનો જાણનારો પણ ઉપયોગ રહિત, અને નો આગમથી જ્ઞશરીર ભવ્ય શરીર છોડીને વ્યતિરિક્ત તેર પ્રદેશ વાળુ દ્રવ્ય તેને આશ્રયી નિશ્ચે આ પ્રદેશ છે તે, તેર પ્રદેશમાં રહેલું જ. તે દ્રવ્ય દિશા છે પણ દિશાવાળું કેટલાક કહેલું છે તે ન લેવું

પ્રદેશ એટલે પરમાણુ તેમના વડે ઉત્પન્ન થયેલ દ્રવ્ય તેટલા પ્રદેશો એટલે ક્ષેત્રના તેટલા પ્રદેશોમા રહેલું તે નાનું દ્રવ્ય આશ્રયીને દશ દિશાનો વિભાગની પરિકલ્પના દ્રવ્ય દિશા જાણવી. તેની સ્થાપના આ પ્રમાણે છે. ચાર આંકડાવાળા નવ પ્રદેશ ચિત્રીને ચારે દિશામા એક એકની વૃદ્ધિ કરવી. હવે ક્ષેત્ર દિશા કહે છે.

अट्ठ पएसो रुयगो, तिरियं लोयस्स मज्झ यारंमि
एस पभवो दिसाणं, एसेव भवे अणुदिसाणं ॥ ४२ ॥

તિર્યક્ લોકના મધ્ય ભાગમાં રત્ન પ્રભા પૃથિવીના ઉપર બહુમધ્ય દેશમાં મેરૂ પર્વતના અંતરમાં જે સૌથી નાના પ્રતર છે. એના ઉપર ચાર પ્રદેશ ગાયના સ્તનના આકારે અને નિચે પણ તેવીજ રીતે ચાર એમ આઠ પ્રદેશનો ચોખુણો રૂચક નામનો ભાગ છે. ત્યાંથી દિશા અને અનુ દિશાઓની પ્રવૃત્તિ થઇ છે તેની સ્થાપના આ પ્રમાણે છે. તેઓનાં નામો કહે છે.

इंदग्गेइ जम्मा य, नेरई वारुणी य वायव्वा
सोमा ईसाणावि य, विमला य तमा य बोद्धव्वा ॥४३॥

[illegible] પૂર્વ દિશા [illegible] ઉત્તર દિશા [illegible] સ્વરૂપ જાણવું છે.

दुपएसाइ दुरुत्तर, एगपएसा अणुत्तरा चेव
चउरो चउरो य दिसा, चउराइ अणुत्तरा दुन्नि ॥४४॥

[illegible]

[illegible]

जे मंदरस्स पुव्वेण मणुस्सा दाहिणेण अवरेण
जे आवि उत्तरेणं, सव्वेसिं उत्तरो मेरू ॥४९॥
सव्वेसिं उत्तरेणं, मेरु लवणो य होइ दाहिणओ
पुव्वेणं उट्ठेइ, अवरेण अत्थमइ सूरो ॥५०॥

મેરૂ પર્વતના પૂર્વથી જે મનુષ્યો ક્ષેત્ર દિશાને અંગીકાર
છે. તે રૂચકની અપેક્ષાએ જાણવી તેઓના ઉત્તરમાં મેરૂ
દક્ષિણમા લવણ સમુદ્ર જાણવો, આ પ્રમાણે તાપ દિશા સ્વીક
છે (અહિંઆં સમજવાનું છે કે આપણે જંબૂદ્વીપના દ
માભરત ક્ષેત્રમા છઈએ એટલે આપણી અપેક્ષાએ ઐરવતક્ષે
ઉત્તરમા છે. પણ એજ મેરૂની અપેક્ષાએ આપણે તેની ઉ
છીએ કારણ કે સૂર્ય ગોળાકારે ફરતાં આપણી જે પશ્ચિ
તેજ તેમની પૂર્વ દિશા થાય છે વિગેરે ગુરૂ ગમથી જાણવું
હવે પ્રજ્ઞાપક દિશા કહે છે.

जत्थ जो पण्णवओ, कस्स वि साहइ दिसासु
णिमित्तं
जत्तो मुहोयठाइ, सापुव्वा पच्छओ अवरा ॥५१॥

પ્રજ્ઞાપક (બોલનારો) કોઈપણ જગાએ ઉભેલો હોય
દિશાઓના બળથી કંઈપણ નિમિત્ત કહે તે જે દિશા
સન્મુખ બેસે તે પૂર્વ અને પાછળની અપર (પશ્ચિમ) જાણ
નિમિત્તનો કહેનારો આ ઉપલક્ષણથી અન્ય પણ કોઈ બીજ

(ખુણાઓ) જાણવા ॥ ૫૨ ॥ એ આઠની વચમાં બીજી આઠ
દિશાઓ છે. તે મળીને સોળ જાણવી. શરીરની ઉંચાઈના
માણમાં સર્વે તિર્યક્ દિશાઓ જાણવી ૫૩. લોકનું સ્વ
મનુષ્યાકારે છે. પગ પહોળા કરીને ઉભા રહેતાં બે પગ
વચ્ચેનો ભાગ તે અધો (નીચી) દિશા જાણવી. અને મ
ઉપરની ઉર્ધ્વ (ઉંચી) દિશા જાણવી તેનું બીજું નામ
મળી છે. આ અઢાર દિશાઓ પ્રજ્ઞાપના દિશાઓ જાણ
૫૪. આ પ્રમાણે કલ્પિત દશ અને આઠ મળી અઢાર
શાઓ છે. તેના નામ અનુક્રમે કહું છું. ૫૫. પૂર્વ,
દક્ષિણ, દક્ષિણ પશ્ચિમ, પશ્ચિમ પશ્ચિમોત્તર, ઉત્તર, ઉત્તર
સમુત્થાણી, કપિલા, ખેલિજ્જા, અહિધમ્મા, પરિયધમ્મા, સા
પ્રજ્ઞાવિત્રી, નરકની હેઠે અધોદિશા છે અને દેવલોકની
ઉર્ધ્વ દિશા છે. આ નામ પ્રજ્ઞાપના દિશાનાં છે ૫૬.
૫૮. હવે એમનાં સંસ્થાન (આકાર બતાવે છે)

सोलस तिरियदिसाओ सगडुद्धी संठिया मुणे
दोमल्ल गमल्लाओ, उड्ढेअ महेवि य दिसाओ ॥

સોળે તિર્યક્ દિશાઓ શકટ ઉર્દ્ધિ (ગાડાના ઉટડા
ના) આકારે જાણવી. એટલે પ્રજ્ઞાપકના પ્રદેશમાં સાંકડી અને
બહાર પહોળી છે. નારકી અને દેવલોકની નીચલી અને
પલી દિશાઓ શરાવલા (ચપણીઆ)ના આકારે જાણવી. કા
રણ કે માથાના મૂળમાં અને પગના મૂળમાં નાની દેખાય

.ઠક્ક અને બુધ્ન, તળીઆ) ના આકારે જતી વિશાળ થાય
. આ બધાનું તાત્પર્ય યંત્રથી જાણવું (યંત્ર મળ્યું નથી)
.વે ભાવ દિશા બતાવે છે.

ણુગા તિરિયા કાયા, તહ્ડગ્ગ બીયા ચઉક્કગા ચઉરો
ગા નેરઇ પાવા, અટ્ઠરસહોંતિ ભાવદિસા ॥ ૬૦ ॥

મનુષ્યના ચાર ભેદ થાય છે (૧) સંમૂર્છનજ (પુરૂષા-દેહના મળ મૂત્રથી જન્મેલા) (૨) કર્મ ભૂમિના ગર્ભજ (૩) અકર્મભૂમિના ગર્ભજ (૪) અંતર્દ્વીપના ગર્ભજ, તે પ્રમાણે તેર્યંચોમાં બે ઇંદ્રિયવાળા, ત્રણ ઇંદ્રિયવાળા, ચાર ઇંદ્રિયવાળા અને પાંચ ઇંદ્રિયવાળા એ ચાર ભેદે છે. અને પૃથિવી, પાણી અગ્નિ, વાયુ, એ ચાર કાયા છે. તથા વનસ્પતિકાયમાં, અગ્ર, મૂળ, સ્કંધ અને પર્વ, એ ચારમાં જ્યાં બીજ હોય તે બીજ પ્રમાણે ચાર ભેદ થયા. તેમાં નારકીય અને દેવને ઉમેરતાં અઢાર ભેદે જીવનો વ્યપદેશ કરાય છે (આ અઢાર ભેદે જીવ બતાવ્યો) ભાવ દિશા તે પ્રકારે અઢાર જાણવી અહિં સામાન્ય દિશાનું ગ્રહણ છતાં જે દિશામાં જીવોને અવિગાન (ન અટકવા) પણે ગતિ આગતિ સ્પષ્ટ કરી તે સર્વત્ર સંભવે છે. તે દિશાવડે આપણે અધિકાર છે તેથી તેનેજ નિર્યુક્તિકાર સાક્ષાત્ બતાવે છે. કારણ કે ભાવ દિશાથી અવિનાભાવી (સાથેજ રહેનારી) પ્રસંગના સામર્થ્યથી અધિકૃતજ છે તેથી તેને માટેજ બીજી દિશાઓ ચિંતવીએ છીએ.

पण्ण वग दिसट्ठारस, ... दिसा ओ... ...
इक्किक्कं विंधज्जा, हवंति अट्ठारस ट्ठारा ॥६१॥
पण्ण वग दिसाए पुण, अहिगारो एत्थ होइ ...
जीवाण पुग्गलाण य, एयासु गया गई अत्थि ॥६२

પ્રજ્ઞાપકની અપેક્ષાએ અઢાર ભેદે દિશા છે. અને અઢિ ભાવદિશા પણ તેજ પ્રમાણે પ્રત્યેક સભવે છે. એથી એ પ્રજ્ઞાપક દિશાને ભાવદિશાના અઢાર અંક વડે ગુણવા. તેની સખ્યા ૧૮×૧૮=૩૨૪ એમાં ઉપલક્ષણથી તાપદિશા વિગેરેમાં પણ યથા સંભવ યોજના કરવી. ક્ષેત્ર દિશામા પણ ચાર મહાદિશાઓને સંભવ છે પણ વિદિશા વિગેરેનો સંભવ નથી કારણ કે તેઓમાં ફકત એક પ્રદેશપણુ હોવાથી તથા ચાર પ્રદેશપણુ હોવાથી સભવ નથી ॥ ૬૧-૬૨ ॥ આ દિશા સયોગનો સમૂહ તે પૂર્વે ' अण्ण यरिओ दिसाओ आगओ अहमंसि, 'કહેલ વચનથી લીધો છે. સુત્રનો અવયવાર્થ આ પ્રમાણે છે. અહિં દિશા શબ્દથી પ્રજ્ઞાપક દિશા પૂર્વાદિ ચાર અને ઉર્ધ્વ અધો મળીને છ ગ્રહણ કરી છે અને ભાવ દિશા તો અઢારે પણ છે, અનુદિક્ ગ્રહણ કરવાથી પ્રજ્ઞાપકની બાર વિદિશા જાણવી. (ઉપરના ચાર ખુણા તથા નીચલી પૂર્વે કહેલી ચાર દિશા તથા ખુણા મળીને બાર જાણવા) તેમાં અસંજ્ઞીઓને આવો બોધ નથી તથા સંજ્ઞીઓને પણ કેટલાકને હોય અને કેટલાકને ન હોય કે, હું

अमुक दिशामांथी आव्यो छुं (जन्म लीधो छे.) एवं मेगेसिं णायं भवइत्ति जे प्रमाणे प्रतिविशिष्ट दिशा अने विदिशामांथी आवुं आववुं थयुं होय [illegible] केटलाक जीवो नथी जाणता. [illegible] कहेवानुं तात्पर्य [illegible] छे (उववाइ सूत्रनी टीकाने [illegible]) [illegible] आ बीजा [illegible] [illegible] छे. अने [illegible] [illegible] 'भविस्सामि' [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] छे.

हवे [illegible] [illegible] कहे छे

[illegible]संचि नाणाहण्णा, अत्थि केसिंचिनत्थि जीवाणं
[illegible] परंमि लोए, आसी कयरा दिसाओ वा ॥६३॥

केटलाक जीवो [illegible] [illegible] [illegible] [illegible] (६४.३) [illegible] [illegible] [illegible] तेमने [illegible] [illegible] छे. केटलाकने ते [illegible] [illegible] [illegible] [illegible] [illegible] नथी [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] पूर्व जन्ममां [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] दिशा [illegible] [illegible] [illegible] हुं [illegible] [illegible] [illegible] [illegible] [illegible] दिशा [illegible]

બીજી ગતિમાંથી આવેલો વિશિષ્ટ જ્ઞાનરહિત મનુષ્ય
પણ જાણતો નથી હવે ઉપલીજ સંજ્ઞા નથી પણ તેને
સંજ્ઞાઓ પણ નથી તે સૂત્રકાર બતાવે છે.

अत्थि मे आया उववाइए, नत्थि मे उववाइए, केहं आसी ? के वाइओ चूएइह भविस्सामि ? (सू. ३)

अत्थि' તે મારો આત્મા વિદ્યમાન છે છઠ્ઠી વિભ
અતે હોવાથી 'मम' સાથે શરીરનો સંબંધ બતાવ્યો
શરીરનો માલીક અંદર રહેલો આત્મા તે નિરંતર ગ
પ્રાપ્ત થયેલો તે પોતે જીવ છે. હવે તે કેવો છે?
પાતિક છે. ફરી ફરીને એક જન્મમાંથી બીજા જન્મમાં
તે ઉપપાત છે. તેમાં થવુ તે ઔપપાતિક છે. આ સૂત્ર
સંસારીનું સ્વરૂપ બતાવે છે. તે મારો આત્મા આ પ્ર
છે કે નહિં તેવું જ્ઞાન કેટલાક અજ્ઞાની જીવોને નથી હે
અને હું કોણ છું પૂર્વ જન્મમાં નારકીય, પશુ, મનુષ્ય
કે દેવ હતો, અને ત્યાંથી આ મનુષ્ય જન્મમા આવેલો
અને મરણ પછી ફરી વખત હું કયાં પેદા થઇશ એ પ્રમ
કોઈ જાતનું જ્ઞાન નથી હોતું. જો કે અહિં બધી જગ્યા
ભાવ દિશાવડે અધિકાર અને પ્રજ્ઞાપક દિશાવડે છે. તોપ
પૂર્વ સૂત્રમાં સાક્ષાત્ પ્રજ્ઞાપક દિશા લીધી છે અને અહિં તો ભ
દિશા છે એમ જાણવું. વાદીની શંકા, અહિંઆં સંસારીઓ

દિશા વિદિશામાંથી આવવા વિગેરેની વિશિષ્ટ સંજ્ઞા નિષેધ થાય પણ સામાન્ય સંજ્ઞાનો નહિં. આ વાત સંજ્ઞી. જે ધર્મી આત્મા છે તેને સિદ્ધ કર્યો પછી થાય છે. કહ્યું છે કે ધર્મી સિદ્ધ થાય તો ધર્મનું ચિંતવન થાય છે. હવે તમારો માનેલો આત્મા પ્રત્યક્ષ આદિ પ્રમાણ ગોચરથી, દૂર હોવાથી તેની સિદ્ધિ નહિં થાય અને તે પ્રમાણે વિચારીએ તો આત્મા પ્રત્યક્ષથી અર્થ (આત્મા) સાક્ષાત્કારીથી વિષયી થતો નથી (નજરો નજર દેખાતો નથી) કારણ કે તે ઇંદ્રિયોના જ્ઞાનથી દૂર છે. અને અતીન્દ્રિયપણું સ્વભાવથી પ્રકૃષ્ટ પણે છે. અને અતીન્દ્રિય પણાથીજ તેનું અવ્યભિચારી કાર્ય વિગેરેનું ચિન્હ તેનો સંબંધ ગ્રહણ કરવું, અસંભવ છે. (અતીન્દ્રિય તે સર્વજ્ઞ છે. અને તે જાણે, પણ બીજા સામાન્ય માણસ ન જાણે તો કેવી રીતે માને) જેવી રીતે પ્રત્યક્ષ સિદ્ધ થતો નથી તેવી રીતે અનુમાન પણે પણ સિદ્ધ થતો નથી, કારણ કે આત્માના અપ્રત્યક્ષ પણાથી તેની સામાન્ય ગ્રહણ શક્તિની ઉત્પત્તિ ન થાય તથા ત્યાં બુદ્ધિ પૂર્વક અનુમાન પણ કેવી રીતે થાય, જેમ આ બે પ્રમાણ લાગુ ન પડે તેમ આગમ પ્રમાણની વિ-વિક્ષાના પ્રતિપાદમાનમાં અનુમાનના અંતનો ભાવ છે અને બીજી જગોએ બાહ્ય અર્થમાં સંબંધનો અભાવ હોવાથી અપ્રમાણ છે. અથવા પ્રમાણ પણ માનીએ તો પરસ્પર વિરોધી હોવાથી આગમ પ્રમાણ નકામું છે (જુદાં જુદાં આગમો એટલે જૈન અને જૈનેતરમાં એકજ આગમ નથી તેથી બધા પ્રમાણ ભૂત

જૈનાગમને નમાને) અને તેના વિના સકલ આંની
પણ અથી પત્તિથી સિદ્ધ થતી નથી. તેથી જે પ્રત્યક્ષ
માન, આગમ, ઉપમાન, અર્થાપત્તિથી, દૂર છે. અને
સંબંધી છઠ્ઠા પ્રમાણના વિષયનો અભાવ છે. તો આત્મ

પ્રતિજ્ઞા

થઈ શકતોજ નથી તે પ્રયોગથી બતાવે છે (૧) આત્માનઈ

હેતુ. દ્રષ્ટાંત

કારણ તે પ્રમાણ પંચકના વિષયથી દૂર છે. ગધેડાના શીં
માફક.

તેના અભાવમાં વિશિષ્ટ સંજ્ઞાના પ્રતિષેધનાં અસ
સંભવ વડે સૂત્રની ઉત્પત્તિજ નથી (વાદી કહે છે કે,
માણ પંચકથી આત્મા સિદ્ધ થતો નથી તો પછી સૂત્ર
રચના કરવાનું કારણ શું) જૈનાચાર્યનું સમાધાન,

તમે જે કહ્યું તે સઘળું ગુરૂની સેવા કર્યા વિના
ગચ્છદાચારનું વચન છે સાંભળો.

પ્રતિજ્ઞા.

(૧) આત્મા પ્રત્યક્ષજ છે, તેનો ગુણ જ્ઞાન છે તે
પોતાના જ્ઞાનથીજ સિદ્ધપણું છે. અને સ્વસંવિત નિષ્ટ

દ્રષ્ટાંત

વિષયની વ્યવસ્થિતિઓ છે. ઘટ પટ વિગેરેને પણ રૂપ
ગુણ પ્રત્યક્ષ પણે આંખની સામેજ છે તેથી, મરણના અ
વના પ્રસંગથી ભૂતોનો ગુણ ચૈતન્ય છે એવી શંકા ન કર

કરણ કે તેઓનો તેની સાથે હમેશાં સન્નિધાનનો સંભવ છે. ત્યાગવા યોગ્ય, ગ્રહણ કરવા યોગ્ય. ત્યાગવું લેવું, એ બન્નેની પ્રવૃત્તિના અનુમાન વડે આપણી માફક પારકા આત્માની પણ સિદ્ધિ થાય છે. આ પ્રમાણે એજ દિશાએ ઉપમાન આદિ પ્રમાણને પણ પોતાની બુદ્ધિ વડે પોતાના વિષયમાં સારા માણસે યથા સંભવ યોજવાં કેવળ મોનીન્દ્ર (જિનેશ્વર) ના આ આગમ વડેજ વિશિષ્ટ સંજ્ઞા નિષેધના દ્વાર વડે હું હું એમ આત્માના ઉલ્લેખ વડે આત્માનો સદ્ભાવ સિદ્ધ કર્યો છે. અને જૈનાગમ શિવાયના બીજા આગમો અનાપ્ત પુરૂષના બનાવેલાં હોવાથી અપ્રમાણુજ છે.

અસ્તિ આત્મા છે. એનાજ વડે ક્રિયાવાદિઓના બધા ભેદો સમાયા અને આત્મા નથી, એ વચનવડે અક્રિયાવાદીઓના મતોનો આની અંદર સમાવેશ કરેલો છે. અને અજ્ઞાની તથા વૈનયિકના બધા ભેદો તેમાં સમાતા હોવાથી સમજ્યા છે

ભેદ ઇતરના ભેદો આ પ્રમાણે છે.

असिय सयं किरियाणं, अकिरिय वाईण होइ चुलसीई
अन्नाणिय सत्तट्ठी, वेणइ आणं च बत्तीसा ॥ १ ॥

૧૮૦) ભેદ ક્રિયાવાદિઓના છે અને અક્રિયાવાદીના ૮૪) ભેદ છે. અને અજ્ઞાનીના ૬૭) ભેદ છે. તથા વિનયવાદીઓના ૩૨, ભેદ છે.

[illegible]

નિર્જરા, અને મોક્ષ એ નવ પદાર્થ છે તે સ્વ, પર, એ બે ભેદથી તથા નિત્ય અને અનિત્ય એ બે વિકલ્પ વડે તથા કાળ નિયતિ સ્વભાવ, ઇશ્વર, અને આત્મા, એ પાંચ બધા સાથે ગુણતા ૯-૨-૨-૫-૧૮૦ ભેદ ક્રિયા વાદીના થયા આનું અરિતત્વ માનનારા આ પ્રમાણે કહે છે

(૧) જીવ સ્વથી અને કાળથી નિત્ય છે, (૨) જીવ સ્વથી અને કાળથી અનિત્ય છે (૩) જીવ પરથી અને કાળથી નિત્ય છે (૪) જીવપરથી અને કાળથી અનિત્ય છે એ પ્રમાણે કાળના ચાર ભેદ થયા, એ પ્રમાણે નિયતિ, સ્વભાવ, ઇશ્વર આત્મા વિગેરેના ચાર ચાર વિકલ્પ થાય, તે પાચ ચોકડ ગણતાં ૨૦) થાય. આ જીવ સાથે થયા. આ પ્રમાણે અજી વાદી આઠના ભેદો લેવા એટલે ૧૮૦) ભેદ થયા તેમા સ્વથી એટલે પોતાનાજ રૂપવડે જીવ છે પણ પરની ઉપાધિ હ્રસ્વ પણા કે દીર્ઘપણાની માફક નથી તે નિત્ય અને શ શ્વત છે. પણ ક્ષણિક નથી કારણ કે તે વર્તમાનની માફ ભુત અને ભવિષ્યમા પણ છે કાળથી એટલે કાળજ આ દુનિયાની સ્થિતિ અને ઉત્પત્તિ તથા પ્રલયનુ કારણ છે

કહ્યું છે કેઃ—

कालः पचति भूतानि, कालःसंहरते प्रजाः ।
कालःसुप्तेषु जागर्ति, कालोहि दुरतिक्रमः । १ ॥

કાળજ ભૂતોને પરિપકવ કરે છે. અને તેજ સર્વ પ્રજા-

તે નાશ કરે છે. બધા સુતેલા હોય તોપણ કાળ તો જાગે છે. માટે કાળ દુઃખેથી પણ ઉલ્લંઘન થઈ શકતો નથી. અને તે અતિન્દ્રિય છે. તથા શીત કાળે તથા ગ્રીષ્મ કાળે થતી ક્રિયાથી જણાય છે. ઠંડી, ગરમી, વર્ષા, વિગેરેની વ્યવસ્થાનો હેતુ છે. તથા ક્ષણ, લવ, મુહૂર્ત, પ્રહર, અહોરાત્ર, માસ, ઋતુ, અયન, સંવત્સર, યુગ, કલ્પ, પલ્યોપમ, સાગરોપમ, ઉત્સર્પિણી, અવસર્પિણી, પુદ્ગલ પરાવર્ત, અતીત, અનાગત, વર્તમાન, સર્વે, અદ્ધા વિગેરેનો વ્યવહારરૂપ છે. તથા બીજા વિકલ્પમાં કાળથીજ આત્માનું અસ્તિત્વ સ્વીકાર્યું છે. પણ પહેલા અને બીજા વિકલ્પમાં ભેદ એટલો છે કે આ અનિત્ય છે અને પૂર્વનો નિત્ય હતો. ત્રીજા વિકલ્પમાં પર આત્માથીજ સ્વ આત્માની સિદ્ધિ સ્વીકારી છે.

પણ કેવી રીતે પરથી આત્માનું અસ્તિત્વ સ્વીકારી શકાય? ઉત્તર આતો પ્રસિદ્ધજ છે કે સર્વે પદાર્થ પર પદાર્થના સ્વરૂપની અપેક્ષાએ, પોતાના રૂપનો પરિચ્છેદક છે. જેમકે દીર્ઘની અપેક્ષાએ હ્રસ્વ પણાનું જ્ઞાન છે અને હ્રસ્વની અપેક્ષાએ દીર્ઘપણાનું જ્ઞાન છે. એમજ આત્મા સિવાયના સ્તંભ, કુંભ, વિગેરે દેખીને તેનાથી જુદો જે પદાર્થ તેમાં આત્મ પણાની બુદ્ધિ પ્રવર્તે છે. તેથી આત્માનું સ્વરૂપ તે પરથીજ સિદ્ધ થાય છે. પણ પોતાની મેળે નહિં. એમ ત્રીજો વિકલ્પ સિદ્ધ થયો. ચોથા વિકલ્પમાં પહેલાની માફક

પોતાથી અને કાળથી નિત્ય છે ઇત્યાદિ ઉપર પ્રમાણે બધું યોજવું. તેવીજ રીતે અક્રિયાવાદીઓના પણ ભેદ છે. તે નાસ્તિત્વ વાદી છે. તેઓમાં પણ, જીવ, અજીવ, આશ્રવ, બંધ, સંવર, નિર્જરા, તથા મોક્ષ એ સાત પદાર્થ છે. તે સ્વ અને પર એ બે ભેદવડે તથા કાળ, યદ્દછા, નિયતિ, સ્વભાવ, ઇશ્વર, અને આત્મા, એ છ ભેદોવડે ચિંતવતાં-૮૪) વિકલ્પ થાય છે. તે આ પ્રમાણે છે. જીવ સ્વતઃ એટલે પોતાનાથી અને કાળથી નથી તેમજ જીવ, પરથી અને કાળથી (સિદ્ધ થતો) નથી. આ પ્રમાણે કાળ સાથે લેતાં બે ભેદ થયા, તેજ પ્રમાણે યદ્દચ્છા તથા નિયતિ વિગેરેમાં પણ સર્વે જીવ પદાર્થમાં બાર થાય એ પ્રમાણે અજીવમાં પણ બાર લેવા. તે બાર સપ્તક એટલે ૮૪) થયાં તેનો અર્થ આ છે. જીવ પોતાના કાળથી નથી. અહિં પદાર્થોના લક્ષણવડે સત્તા નિશ્ચય કરાય છે. અથવા કાર્યથી નિશ્ચય કરાય છે ? અને આત્માનું તેવું કંઇ પણ લક્ષણ નથી કે જેનાવડે અમે તેની સત્તા સ્વીકારીએ. ? તેમ અણુઓથી પર્વત વિગેરેનો સંભવ થાય તેમ પણ નથી. વળી લક્ષણ અને કાર્યવડે વસ્તુ ન મેળવીએ તો તે વિદ્યમાન નથી જેમ આકાશનું કમળ વિદ્યમાન નથી તેમ, તેટલા માટે આત્મા નથી. બીજો વિકલ્પ પણ જે આત્માને પોતાથી નથી સ્વીકારતો તે આકાશના કમળની માફક પરથી પણ નથી. અથવા સર્વ પદાર્થોનાજ પર ભાગમાંના અદર્શનથીજ સર્વ અવોર્‌ (?) ભાગ સૂક્ષ્મપણાથી અને ઉભય (તે બન્ને) ન

અને ઉપલબ્ધિથી સર્વ અનુપલબ્ધિથી, નાસ્તિત્વને સ્વીકારીએ છીએ. કહ્યું છે કે—

यावदू दृश्यं परस्तावदू भागः सच नदृश्यते. इत्यादि

જેટલું દેખાય છે તેટલોજ ભાગ પછવાડે છે. અને તે દેખાતો નથી વિગેરે તથા યદ્દચ્છાથી આત્માનું અસ્તિત્વ નથી (નાસ્તિત્વ છે). પ્રશ્ન, આયદ્દચ્છા તે શું છે? ઉત્તર— અનભિસંધી (અનાયાસે) અર્થની પ્રાપ્તિ થાય તે યદ્દચ્છા છે.

अतर्कितो परिथ तमेव सर्वं, चित्रं जनानां सुख दुःख जातम्,
काकस्य तालेन यथाभि घातो, न बुद्धि पूर्वोत्र वृथाभिमानः ॥१॥
सत्यं पिशाचास्म वने वसामो, भेरिं कराग्रैरपि न स्पृशामः
[illegible] लोक यात्रा, भेरीं पिशाचाः परिताडयन्ति ॥२॥

વિના વિચારનું આ માણસોનું આશ્ચર્યકારક સુખ દુઃખનું થવું તે ઉપસ્થિત થયેલુંજ છે. જેમ કાગડાના બેસવાથી તાડનું પડવું થાય તે જેમ કાગડાએ પાડયું નથી તેમ જગતમાં જે કંઇ થાય છે, તે બુદ્ધિ પૂર્વક નથી પણ તેમાં લોકોનું ખોટું અભિમાન છે (કે મેં આ કર્યું) १.

અમે વનના પિશાચો છીએ તે ખરૂં છે. અમે હાથથી ભેરીને અડકતા પણ નથી તો પણ યદૃચ્છાએ લોકો એકઠા થાય છે અને કહે છે કે પિશાચો ભેરીને વગાડે છે. ૬. (પંચ તંત્રમાં આને મળતું એક દ્રષ્ટાંત છે. કોઈ લશ્કરમાંથી છુટો પડેલો ભેરીવાળો સિંહના મારથી મરી ગયો અને તેની ભેરી વાંદરાના હાથમાં આવી તે કોઇ વખત વગાડે અને તે પહાડમાં જાય તે લોકને સંભળાય તેથી આજુબાજુના લોકો ગભરાયા કે પહાડની અંદર પિશાચો ભેરી વગાડી ડરાવે છે. તેથી લોકો ડરીને નાસવા લાગ્યા તેમાં કોઇ હિંમતવાને ફલ લઇ વાંદરાઓને એકઠાં કરી તેમની પાસેથી ભેરી લઇ લીધી અને લોકોનો વહેમ મટાડયો.) જેમ કાગડાના બેસવાથી તાડનું ઝાડ પડે તો પણ તેમાં કાગડાની બુદ્ધિ નથી કે મારા ઉપર તાડ પડશે, તેમ તાડનો અભિપ્રાય નથી કે કાગડા ઉપર પડું. છતાં તે બેઉ થાય છે. એ પ્રમાણે. બાકીનું પણ વિના વિચાર્યું, અજા કૃપાણી, આતુર ભેષજ, અંધ કંટક વિગેરે દ્રષ્ટાંતો પણ જાણી લેવાં એ પ્રમાણે બધા પ્રાણીઓનાં, જન્મ, જરા, મરણ વિગેરે લોકમાં જે કંઇ થાય તે બધું કાકતાલીય ન્યાય માફક જાણવું, એવીજ રીતે, નિયતિ સ્વભાવ, ઇશ્વર, આત્મા વિગેરેથી પણ આ આત્માને, અસિદ્ધ કરવો, (એટલે આત્માની દરેક રીતે અસિદ્ધિ બતાવવી) ક્રિયાવાદીના ૮૪ ભેદ થયા. હવે અજ્ઞાનીઓના ૬૭ ભેદ બતાવે છે; તે આ પ્રમાણે.

પૂર્વે જીવાદિ નવ પદાર્થ કહી ગયા, તેની સર્વે ઉત્પત્તિ કયમી હોવી તે કહીને સત્, અસત્, સદસત્, અવક્તવ્ય, સદ્ વક્તવ્ય, અસદ્ વક્તવ્ય, અને સદસદ્વક્તવ્ય આ સાત ભેદ વડે જાણવાને શક્તિમાન નથી તેમજ જાણવાથી શું પ્રયોજન છે? તેની ભાવના નિચે મુજબ, જીવ વિદ્યમાન છે એમ કોણ જાણે છે? અથવા જાણવાથી શું લાભ? અથવા જીવ અવિદ્યમાન છે અથવા જાણવાથી શું લાભ? એ પ્રમાણે અજીવાદિકમાં પણ સાત વિકલ્પ, તે પ્રમાણે સાત સાત ગણતાં ૬૩) ભાગ થયા તેમાં ચાર બીજા ઉમેરવા તે આ છે. વિદ્યમાન (છતી) ભાવની ઉત્પત્તિ કોણ જાણે છે? અથવા જાણવાથી શું પ્રયોજન? બાકીના ત્રણ વિકલ્પ ઉત્પત્તિના, ઉત્તર કાળ પદાર્થના અવયવની અપેક્ષાએ છે. તેનો સંભવ થતો નથી તેથી તે ત્રણ નથી કહ્યા એટલે ચાર ભાંગા સંભવે. તે ઉમેરતાં કુલ ૬૭) થયા. આમા જીવ સત્ છે કોણ જાણે છે. તેનો અર્થ આ છે કે.

કોઈને વિશિષ્ટ જ્ઞાન નથી કે જે ઇન્દ્રિયોથી અતીત જીવાદિ પદાર્થોને જાણી શકે અને તેમના જાણવાથી કંઈ પણ ફળ નથી જેમકે જીવ નિત્ય, સર્વગત મૂર્ત જ્ઞાનાદિ ગુણ ઉપેત અથવા ઉપરના ગુણોથી વ્યતિરિક્ત છે. આ તેથી કયા પુરૂષાર્થની સિદ્ધિ થાય? તેથી અજ્ઞાનજ શ્રેય છે. વળી તુલ્ય અપરાધમાં, અજ્ઞાનતાથી કરવામાં લોકોમાં સ્વલ્પ દોષ છે. અને, તેજ પ્રમાણે લોકોત્તરમાં પણ આકુ

ર્દેક (મનથી પાપ કરનાર) અનાભોગ (અજાણ્યું) સહસાકાર (જલદી,) વિગેરે કાર્ય થાય તેમાં ક્ષુલ્લક (નાનો) ભિક્ષુ તથા થવિર, ઉપાધ્યાય, આચાર્ય ને અનુક્રમે વધારે વધારે પ્રાયશ્ચિત્ત છે, તેવું બીજા વિકલ્પમાં પણ યોજવું.

વિનય વાદીના ૩૨ ભેદ આ પ્રમાણે છે.

દેવતા, રાજા, યતિ, જ્ઞાતિ, સ્થવિર, અધમ, માતા, પિતા, એ આઠમાં મન, વચન, કાયા, અને પ્રદાન, એ ચાર પ્રકારે વિનય કરવો તે આ પ્રમાણે, આ દેવતાઓનો મન, વચન, કાયા, અને દેશ કાળની ઉત્પત્તિ પ્રમાણે દાન દેવા વડે વિનય કરવો. આ વિનયથીજ સ્વર્ગ, અપવર્ગ, ના માર્ગને તેઓ સ્વીકારે છે. અને નીચૈર્વૃત્તિ (નીચે નમવું) અને નમ્રતા બતાવવી તે વિનય છે. બધી જગોએ આ પ્રમાણે વિનય વડે દેવ વિગેરેમાં લીન થયેલો. સ્વર્ગ મોક્ષનો મેળવનારો થાય છે. કહ્યું છે કે.

विणया णाणं णाणाओ, दंसणं दंसणाहि चरणं च ॥
चरणाहिं तो मोक्खो, मोक्खे सोक्खं अणाबाहं ॥१॥

વિનયથી જ્ઞાન, જ્ઞાનથી દર્શન, દર્શનથી ચારિત્ર, ચારિત્રથી મોક્ષ અને મોક્ષથી અવ્યાબાધ સુખ છે. અહિંઆં ક્રિયાવાદીઓમાં અસ્તિત્વ છે. છતાં તેમાં પણ કેટલાકમાં આત્માને નિત્ય, અનિત્ય, કર્તા, અકર્તા, મૂર્ત, અમૂર્ત, શ્યામાક તંદુલ માત્ર, અંગુઠાના પર્વ જેટલો

દીવાની શીખા સમાન, હૃદયમાં રહેલો, વિશે
તે ઔપપાતિક છે. તથા અક્રિયાવાદીઓમાં
નથી તો કયાંથી ઔપપાતિક (ઉત્પન્ન થનાર) પણું
થાય ? અને અજ્ઞાનીઓ આત્માને વિષે અપ્રતિપત્તિ
કરતા પણ તેઓ જ્ઞાનને નકામું માને છે. વિનય
પણ આત્માના અસ્તિત્વમાં અસ્વીકાર નથી પણ વિ
વિના બીજું મોક્ષ સાધનજ નથી એવું માને છે
સામાન્ય આત્માના અસ્તિત્વ સ્વીકારથી અક્રિયાવાદી
દુર કર્યો (તેમના માનવાને ખોટું ઠર્યું) અને આ
નમાનવું તેમાં આ પણ તેમણે વિચારવું જોઈએ.

शास्ता शास्त्रं शिष्य, प्रयोजनं वचनहेतुदृष्टान्ताः
संति न शून्यं युवतः, तद भावाद्या प्रमाणं स्यात्
प्रतिपद्य प्रतिषेधौ, स्तश्चे च्छून्यं कथं भवेत्सर्व
तद भावेनतु सिद्धा, अप्रतिषिद्धा जगत्पदार्थाः ॥

ઉપદેશ, શાસ્ત્ર, શિષ્ય, પ્રયોજન, વચન, હેતુ
દ્રષ્ટાંત છે તે બધાં બોલનારથી શૂન્ય નથી. તેના અભા
અપ્રમાણ છે. ("આત્માનુ અસ્તિત્વ સ્વીકારે તોજ
કામનાં છે. નહિ તો તેઓનું બોલવુંજ આત્માના
અપ્રમાણ છે.) ॥ ૧ ॥

પ્રતિષેધ કરનાર અને પ્રતિષેધ જો શૂન્ય હોય તો
કેવી રીતે થાય અને પ્રતિષેધ કરનારના અભાવમાં

ંદ જેવા જગતના પદાર્થો સિદ્ધ થાય એ પ્રમાણે ટીકાચાર્ય કહે છે. કે આદરેકોનું અહિંજ યથાયોગ્ય રીતે વિસ્તરણ સમજવું. વચમાં સમજવા માટે વાદીએ શંકા કરેલી કે આત્મા નથી તો સૂત્ર શામાટે કરવું તેનું સમાધાન કર્યું. હવે ચાલુ વાત કહે છે.

તેમા અહિ કેટલાકને તેની ખબર નથી કે હું ક્યાંથી આવ્યો છું એનાવડે કેટલાકનેજ સંજ્ઞાનો નિષેધ કરવાથી કેટલાકને છે તેપણ કહેલું સમજવું. તેમાં સામાન્ય સંજ્ઞાનું દરેક પ્રાણીમાં સિદ્ધપણાથી અને તેનું કારણ જાણવાથી અહિંઆ અકિંચિત્ પણે છે (સામાન્ય સંજ્ઞાનું વિશેષ પ્રયોજન નથી) પણ અહિં વિશિષ્ટ સંજ્ઞાની જરૂર છે અને તે કેટલાકનેજ હોવાથી તથા તે સંજ્ઞાનું બીજા ભવમાં જનાર આત્માને સ્પષ્ટ સ્વીકાર. તે સંજ્ઞા ઉપયોગી પણાથી સામાન્ય સંજ્ઞાના કારણના પ્રતિપાદનને છોડીને ફક્ત વિશિષ્ટ સંજ્ઞાના કારણોને સૂત્રકાર બતાવે છે.—

सेजं पुण जाणेज्जा सह संमइ या ए परवागरणेण अण्णेसिं अंति एवा सोचा तंजहा–पुरत्थिमाओ, वा दिसाओ, आगओ अहमंसि, जाव अण्णपरिओ, दिसाओ अणु दिसाओ वा आगओ अहमंसि, एव मेगेसिं जं णायं भवति अत्थि मे आया, उववाइए जोइमाओ (दिसाओ) अणुदि-

साओ वा, अणुसंचरइ, सव्वा ओ दिसाओ अ दिसाओ सोऽहं (सू. ४)

તે જાણે તે હું, આમાં 'से' શબ્દ માગધી રીતી પ્રથમાના એક વચનમાં છે. 'त' શબ્દવડે જાણવું કે પૂર્વે કહેલો જાણનારો એટલે જેને વધારે ક્ષય ઉપશમ તે વિચારે છે કે પૂર્વે કહેલી દિશા અને વિદિશામાંથી આગમન થયું છે. તથા હું પૂર્વ જન્મમાં કોણ હતો દેવતા, નારકીય, કે તિર્યંચ, અથવા મનુષ્ય હતો અથવા સ્ત્રી, પુરૂષ કે નપુંષક હતો ? અથવા ભવિષ્યમાં હું આ મનુષ્ય જન્મથી મરીને દેવાદિ શરીરમાં જઇશ એવું વિચારે અને સમજે આથી એમ સમજવું કે કોઇ પણ અનાદિ સંસારમાં ભ્રમણ કરતો પ્રાણી દિશામાંથી આગમનને ન જાણે (કોઇક ન જાણે) પણ જે વિશિષ્ટ સંજ્ઞાવાળો હોય તે જાણે તે મતિ જ્ઞાનવાળો એટલે જેની બુધ્ધિ ખીલેલી હોય તેનો ભાવાર્થ એ છે કે આત્માની સાથે જેની સુબુદ્ધિ હોય તે સુબુદ્ધિવડે કોઇક ભવ્યાત્મા જાણે છે સૂત્રમા 'सह सम्मइ आए' त्ति શબ્દથી એમ સૂચવ્યું કે મતિનું આત્મ સ્વભાવપણું હંમેશાં છે પણ વૈશેષિક મતવાળા મતિને આત્માથી જુદી માને છે અને આત્માથી સમવાય વૃત્તિએ જોડાયલી છે. તેવું નહિં જો सम्मइ एत्ति એટલે પોતાની બુદ્ધિવડે તેમાં ભિન્ન પણ અશ્વાદિક પોતાનાં માને છે તેથી મતિ પણ

અહિં 'સહસમ્મઇયાત્તિ આ પદ સૂત્રમાં છે. તેમાં
પદવડે જ્ઞાનને ઉત્પન્ન કરેલું છે ' મન '. પ્રાતિ
અર્થમાં છે. કારણ કે મનન તેજ મતિ (બુદ્ધિ છે
અને તે જ્ઞાન કેવું છે. તે બતાવે છે. અવધિ, મન
કેવળ અને જાતિ સ્મરણ, રૂપવાળું છે. તેમાં
હોય તે સંખ્યાતા અને અસંખ્યાતા ભવને જાણે છે એ
મનઃ પર્યાયજ્ઞાની પણ જાણે છે. પણ કેવલીતો
અનંતા (તમામ) જાણે છે. તથા જાતિ સ્મરણવાળો
સંખ્યાતા ભવને જાણે છે બાકીની વાત સ્પષ્ટ છે. ॥ ૬૦

ટીકા નહિં છતાં છાસઠમી ગાથાનો અર્થ થોડે
તાવીએ છીએ 'પર વઇ વાગરણ'તે જિનવ્યાકરણ
જિનેશ્વરથી પર બીજો નથી, તથા બીજાઓની
સાંભળીને, તથા જિનેશ્વરથી સર્વ પર અન્ય છે. નિર્યુ
યાઓથી જણાશે કે કોઈ ભવ્યાત્માને ધર્મ રુચિની મ
સ્વયં જાતિ સ્મરણ પ્રગટ થાય છે. કોઇને જિનેશ્વર પ
સાંભળીને થાય છે. જેમ મહાવીર સ્વામી પાસે ગૌતમ
ળીને થયું તથા અન્ય પાસે એટલે મલ્લિનાથ ભગવ
મિત્રોને મલ્લિ કુમારીએ યુવાઅવસ્થામાં બોધ કરતાં (
ત્રોને) જાતિ સ્મરણ જ્ઞાન થયું. એ નિર્યુક્તિની કથાથી સમજ
અહિંઆં સહસમ્મતિ વિગેરે પરિજ્ઞાનમાં ગુણથી સમ
માટે ત્રણ દૃષ્ટાંતો બતાવે છે.

વસંતપુર નગરમાં જીતશત્રુ નામે રાજા છે તેની ધારણી નામની મહાદેવી (પટ્ટરાણી) છે. તેને ધર્મરૂચી નામનો પુત્ર થયો, તે રાજા એક દિવસ તાપસપણું વ્રત લેવાની ઇચ્છાવાળો ધર્મરૂચિને રાજ્ય સોંપવાની તૈયારી કરવા લાગ્યો. તે જોઇને ધર્મરૂચિએ પોતાની માતાને પુછયું કે મારો પિતા રાજ્ય શામાટે તજે છે? માએ કહ્યું બેટા! આ નારકી વિગેરેના સકળ દુઃખના હેતુભૂત તથા સ્વર્ગ અને મોક્ષ માર્ગમાં વિઘ્ન કરનાર અર્ગલા (આગળી) સમાન તથા અવશ્ય દુઃખ દેનારી લક્ષ્મી વડે શું પ્રયોજન છે? પરમાર્થથી આ લોકમાં પણ અભિમાન માત્ર ફળ દેવાવાળી છે. તેથી તેને છોડીનેજ સકળ સુખનું સાધન જે ધર્મ તેજ કરવાને તારો પિતા ઉદ્યમ કરે છે. ધર્મરૂચિ તે સાંભળી બોલ્યો કે જો લક્ષ્મી આવીજ છે તો મારા પિતાને હું અનિષ્ટ છું કે જે આવી સકળ દોષને ધારનારી લક્ષ્મી મને સોંપે છે. અને સકળ કલ્યાણના હેતુ ધર્મથી મને દૂર કરાવે છે? એમ કહી પિતાની આજ્ઞા લઇને બાપ સાથે પોતે પણ તાપસના આશ્રમમાં ગયો. ત્યાં બધી તાપસ સંબંધિ ક્રિયા યથા યોગ્ય કરી અને રહ્યો. એકદા અમાવાસ્યાના પહેલાં એક દિવસે કોઇ તાપસે ઉદ્ઘોષણા કરી કે હે તાપસો! આવતી કાલે અનાકુટ્ટિ છે. (અગતો પાળવી, અણોજો) છે. તેથી આજેજ સમિત્ (હોમના લાકડાં) પુષ્પ કુશ (દર્ભ) કંદ, ફળ, મૂળ વિગેરે

હવે આપણી ચાલુ વાતને કહીએ છીએ. કે
છે તે હું આ પદ વડે અહંકાર જ્ઞાન વડે આત્માના
વડે પૂર્વ વિગેરે દિશાઓમાંથી પોતાના આત્માને આવેલો
જરાપણ રોકાણ વિના ભવ ભ્રમણમાં પડેલો પોતાને
નિત્ય અને પર્યાય અર્થપણે અનિત્ય છું એમ જે
તેજ ખરી રીતે આત્મવાદી છે. એવું સૂત્રકાર બતાવે

से आयावादी लोयावादी कम्मावादी
यावादी (सू० ५)

તે એટલે જે પૂર્વ નારક, તિર્યંચ, મનુષ્ય, દેવતા
ભાવ દિશામાં અને પૂર્વ દિશા વિગેરે પ્રજ્ઞાપક દિશામાં
પોતે પોતાના આત્માને, અક્ષણીક, અમૂર્ત, વિગેરે
વાળો જાણે છે. તે આત્મવાદી, એટલે આત્માને
સ્વભાવવાળો છે. અને જે પૂર્વ કહેલા પ્રમાણે આત્મા
સ્વીકારે તે અનાત્મ વાદી (નાસ્તિક) જાણવા. વળી
આત્માને સર્વ વ્યાપી, નિત્ય, અને ક્ષણીક માને છે,
પણ અનાત્મ વાદી છે. કારણ કે સર્વ વ્યાપી
નિષ્ક્રિય પણું હોવાથી બીજા ભવમાં સંક્રાન્તિ ન થાય,
સર્વથા નિત્યપણે પણ, અપ્રચ્યુત, અનુત્પન્ન, સ્થિર,
સ્વભાવ, એ નિત્યનું લક્ષણ હોવાથી, મરણનો અભાવ
અને ભવ સંક્રાન્તિ પણ નજ થાય, સર્વથા ક્ષણિક માન
પણ નિર્મૂળ વિનાશથી, તેજ હું, આવું પૂર્વ તથા ઉત્તરનું

પ્રધાન (જોડાયુ) ન થાય. જે આત્મવાદી છે. તેજ પરમાર્થથી લોક વાદી છે. કારણ કે અવલોકે (જુએ) છે તે 'લોક' એટલે પ્રાણી ગણ, તેને બોલવાનો જેનો સ્વભાવ છે તે આ વચનવડે જેઓ આત્માને અદ્વૈત માને છે, તેનું ખંડન કરવા આત્માનું બહુત્વ કહ્યું. અથવા લોયાવાદી ને બદલે 'લોકાપાતી' એ શબ્દ લઈએ તો લોક ચૌદરજ્જુ પ્રમાણ છે. તે અથવા પ્રાણીગણ તેમાં આવવાના સ્વભાવવાળો આ વચન વડે વિશિષ્ટ આકાશ ખંડની 'લોકસંજ્ઞા' બતાવી અને તેમાં જીવાસ્તિકાય (જીવસમૂહ) ના સંભવથી જીવોનું ગમન આગમન સૂચવ્યું છે. તેજ જીવ દિશા વિગેરેમાં જવાના જ્ઞાનવડે આત્મવાદી અને લોકવાદી સંવૃત (યુક્ત) છે અને તે અસુમાન (પ્રાણ ધારણ કરનાર) છે. [illegible] એટલે જ્ઞાનાવરણીય આઠ કર્મ છે તેને [illegible] વાળો કારણ કે નિશ્ચય, મિથ્યાત્વ, અવિરતિ, [illegible] યોગોથી પહેલા પ્રાણીઓ ગતિ [illegible] કરે છે. ત્યાર પછી તે તે વિરૂપ રૂપ[illegible] [illegible] ત્પન્ન થાય છે. અને કર્મ છે તે [illegible] પ્રદેશરૂપ ચાર પ્રકારે [illegible] નિયતિ, ઈશ્વર, આત્મ[illegible] [illegible] મતું ખંડન કર્યું [illegible] 'કારણ કે યોગ[illegible] વ્યાપાર છે. અને [illegible]

વડે વિશિષ્ટ ક્રિયાના પરિણામ રૂપ આત્મા બતાવ્યો છે. તે
આ ભાવાર્થ છે. તેજ હું કે જેનાવડે મેં આ દેહાદિની
યુવાવસ્થામાં ઇન્દ્રિયને વશ પડેલા વિષયરૂપ વિષ વડે મે
થએલા અન્ધ ચિત્તવડે તે તે અકાર્યના અનુષ્ઠાનમાં
થઇને મારે અનુકૂળ કર્યું (મને ગમ્યું તે કર્યું) કહ્યું છે

विहवा वले नडियाहिं, जाइं कीरंति जोवण मए
वयपरिणामेसरियाइं, ताइंहियए खुडुक्कं ति ॥

વૈભવના અહંકાર વડે નાચેલા (નાટક કરેલા) એ યૌવનના મદ વડે જે જે કૃત્યો કરાયાં છે. તે બધાં વૃદ્ધાવસ્થાએ યાદ આવીને હૃદયમાં શલ્યની માફક ખટકે છે. તથા કરાવ્યું એનાવડે બીજા માણસને આ કાર્યમાં પ્રવર્તાવીને પ્રવૃત્તિ કરાવી. તથા કરનારને આજ્ઞા આપી. આ પ્રમાણે કર્યું કરાવ્યું અને અનુમોદ્યું એ ભૂતકાળ સૂચક છે. અને કરું છું, કરાવું છું, વિગેરે વચનવડે વર્ત્તમાન કાળ સૂચક છે. તથા કરીશ, કરાવીશ, અને કરનારને અનુમોદીશ એ વચનથી ભવિષ્યકાળ સુચવ્યો આ ત્રણ કાળના કૃત્યવાળા વચનવડે દેહ, ઇન્દ્રિય, થી જુદો આત્મા ભૂત, વર્તમાન ભવિષ્ય સંબંધિ કાળ પરિણામ રૂપે આત્માનું અસ્તિત્વનું જાણપણું સુચવ્યું છે. અને જાણપણું તે એકાંત ક્ષણિકવાદીને કે એકાંત નિત્યવાદીને ન સંભવે તેથી આ વચનવડે તેમનું ખંડન કર્યું.

આત્માનું ક્રિયાના પરિણામવડે પરિણામપણું સ્વીકાર્યું છે તેથી (ક્ષણિકવાદી વિગેરેનું ખંડન થયું છે.) અને તેનાજ અનુસારે સંભવ અનુમાનથી અતીત અનાગત ભાવોમાં પણ આત્માનું અસ્તિત્વ જાણવું અથવા આ ક્રિયા પ્રબંધના પ્રતિપાદનથી કર્મના ઉપાદાન રૂપ છે. જે ક્રિયા છે તેનું સ્વરૂપ બતાવેલું જાણવું. ॥ ૬ ॥ હવે શિષ્ય પ્રશ્ન પુછે છે કે આટલીજ ક્રિયા છે કે બીજી કોઇ છે તેને આચાર્ય મહારાજ બતાવે છે.

एयावंति सव्वावंति लोगंसि कम्मसमारंभा परिजाणियव्वाभवंति (सू० ७)

આટલીજ વિશિષ્ઠ ક્રિયાઓ જે પૂર્વે કહેલી છે, તે સર્વ લોક એટલે પ્રાણી સમૂહમાં કર્મનો સમારંભ છે તે અતીત, અનાગત, વર્તમાન, ભેદ વડે કર્યું, કરાવ્યું, અને અનુમોદ્યું એ વડે તમામ ક્રિયાને અનુસરનાર 'કરેછે' એ શબ્દવડે બધી ક્રિયાનો સંગ્રહ થાય છે. આટલીજ ક્રિયાઓ જાણવી. બીજી નહિં અને પરિજ્ઞા બે પ્રકારની છે. જ્ઞપરિજ્ઞા અને પ્રત્યાખ્યાન પરિજ્ઞા તેમાં જ્ઞપરિજ્ઞા (મળેલા બોધ) વડે આત્મા અને બંધનું અસ્તિત્વ છે. પૂર્વે કહેલી કર્મ સમારંભની બધી ક્રિયાઓ વડે જાણપણું થાય છે. અને જાણ્યા પછી પ્રત્યાખ્યાન પરિજ્ઞાવડે બધા પાપોને આવવાના હેતુરૂપ કર્મના સમારંભોના પચ્ચખાણ કરવાં જોઇએ (બને ત્યાંસુધી છોડવાં જોઇએ) આટલા સામાન્ય વચનવડે જીવનું અસ્તિત્વ સાધ્યું છે. અને તે આત્માનું દિશાઓનું જે ભ્રમણ તેના હેતુઓનો

લાખ અને મનુષ્યની ચૌદ લાખ છે. તથા શુભ અશુભ ભેદે યોનિયોનું અનેક રૂપ પણું છે. તે ગાથાઓથી બતાવે છે

सीयादी जोणीओ, चउरासी तीय सय सहस्साई
असुभाओ य सुभाओ, तत्थसुभाओ इमा जाण।

શીતાદિ ભેદથી ચોરાશી લાખ યોનિયો છે. તેના શુભ અને અશુભ એવા બે ભેદ છે. તેમાં શુભ યોનિયો નીચે પ્રમાણે

असंखाउ मणुस्सा, राईसर संखमादि आऊणं।
तित्थगर नामगोत्तं, सव्व सुहं होइ नायव्वं ॥ २॥
तत्थवि य जाइ संपन्नतादि, सेसाउ हुंति असुभाओ।
देवेसु किब्बिसादि, सेसाओ हुंतिउ सुभाओ ॥३॥
पंचिंदिय तिरिएसुं, हय गय रयणे हवंतिउ सुभाओ
सेसाओ असुभाओ, सुभवण्णे गिंदिया दीया॥
देविंद चक्कवट्टी, तणाइं मोत्तुं च तित्थगर भावं।
अणगार भावि ताविय, सेसाउ अणंत सोपत्ता।

અસંખ્ય આયુવાળા (જુગલીઆ મનુષ્યો.) અને સંખ્ય આયુવાળા રાજેશ્વર વિગેરે તથા તીર્થંકર નામ ગોત્રવાળા જે જીવ હોય છે. તેમને બધું શુભ હોય છે. અને તેમાં પણ જાતિ સ્મરણ જ્ઞાનવાળા વિગેરે શુભ હોય છે. અને બાકીના અશુભ જાણવા. અને દેવયોનિમાં પણ કિલ્વિષિક સિવાય બીજી દેવયોનિઓ શુભ જાણવી. ૫૨-૩॥

પંચેન્દ્રિય તિર્યંચ યોનીયોમાં ઘોડા, હાથી, વિગેરે જે ચક્ર
ર્તિનાં રત્નો છે, તે શુભ યોનિ તથા શુભ વર્ણવાળા
કેન્દ્રિય વિગેરે શુભ હોય છે (૪) દેવેન્દ્ર તથા ચક્રવૃતિ
સુંમાં તથા તીર્થંકર ભાવને મૂકીને તથા ભાવિત અનગારો
સાધુ) મુકીને બાકીના જીવો અનન્તવાર યોનિયોને
રમ્યા.

આ અનેક રૂપવાળી યોનિયોને દિશા વિદિશામાં પર્યટન
રનારો કર્મને ન જાણનારો આત્મા પોતાની સાથે જોડે છે
(યોનિમાં ભમે છે) એટલે યોની સાથે સંધિ કરે છે.
કોઇ જગાએ 'સંધાવઇ' પાઠ છે. તેનો અર્થ આ છે કે
બારંવાર તે યોનિયોમાં જાય છે. અને તેના સંધાનને અનુ-
ભવે છે તે બતાવે છે. વિરૂપ એટલે બિભત્સ અમનોજ્ઞરૂપ
વાળા સ્પર્શો જે દુઃખ દેનારા છે તે દુખ સમુહને સ્પર્શ
કરવાથી પીડાય છે. 'તાત્ સ્વાત્' શબ્દથી તેનો વ્યપદેશ
કર્યો છે માટે જાણવું કે દુખો ભોગવે છે. આ તો ઉપલક્ષણ
માત્ર વેદના છે. કે એવા સ્પર્શોને અનુભવીને દુખ ભોગવે
તેવી રીતે શરીર સંબંધી અને મન સંબંધી પણ દુખો
અનુભવે છે. (નારકીની અંદર જીવોને તે સ્થાનની વેદના
શરીરને પીડે છે. તેમ મનમાં વિકલ્પોનાં પણ ઘણાં દુખો
છે. તે બતાવ્યાં છે.)

અહિં સ્પર્શ ગ્રહણ કરવાથી એમ સમજવું કે સ્પર્શ

કરીને તાદર્થ્યમાં ચોથી વિભક્તિ છે, એટલે જીવિતના વંદન, માન, પૂજનને માટે કર્મ આશ્રવમાં અજ્ઞાન જીવો પ્રવર્ત્તે છે. આ સમુદાય અર્થ છે. ફકત પરિવંદન માટેજ કર્મ બાંધે છે. એમ નહિં પણ બીજા માટે પણ છે તે બતાવે છે. જન્મ, મરણ, અને મુકાવું એટલે મરણ, તથા મોચન સમાહાર દ્વંદ્વ કરીને તાદર્થ્યે વાપરી એટલે પ્રાણીઓ જન્મ, મરણ, અને મોક્ષને તેવી ક્રિયામાં પ્રવર્તમાન બની કર્મોને ગ્રહણ કરે છે. જન્મ માટે ક્રોંચઅરિ (કાર્તિકેય) નું વંદન આદિ ક્રિયા છે. તથા જે જે ઉત્તમ વસ્તુઓ અહિં બ્રાહ્મણ વિગેરેને આ છે તે તે બીજા જન્મમાં ભોગવશે એ પ્રમાણે મનુએ કહેલ છે.

वारि दस्तृप्तिमाप्नोति, सुखमक्षय्यमन्नदः
तिलप्रदः प्रजामिष्टा-मायुष्क मभयप्रदः ॥

પાણી આપનારો તૃપ્તિ પામે છે. અન્ન આપનાર અક્ષય સુખ ભોગવે છે. તલ દેનારો ઇચ્છિત પ્રજાને પામે છે. અને અભયદાન દેનારો દીર્ઘાયુષી થાય છે. ॥ ૧ ॥ અહિં એકજ સુભાષિત છે. અભય પ્રદાન તે તુષ (ફોતરાં કુસકી) માં કણિકા કણકીની માફક છે. પ્રમને કુમાર્ગ ઉપદેશથી હિંસાદિમાં પ્રવર્તિ જીવો ક્રિયા કરે તથા મરણને માટે પિંડદાન વિગેરેની ક્રિયામાં પ્રવર્તે છે

અથવા મારો સંબંધી એણે માર્યો છે. એમ ધારી તેનુ વેર વાળવા માટે તેના વધ બંધમાં પ્રવર્તે છે તથા પોતાના મરણની નિવૃત્તિ માટે દુર્ગા વિગેરે દેવીએ માગેલો બકરા વિગેરેનો ભોગ આપે છે. અથવા **યશો ધર્મની** માફક આટાનો કુકડો બનાવીને ધરે છે. તથા મોક્ષને માટે જેનું ચિત્ત અજ્ઞાનથી વેરાયલું છે, એવા મનુષ્યો પંચાગ્નિતપ વિગેરે જે પ્રાણીઓને દુઃખ દેનારાં અનુષ્ઠાન છે, તેમાં પ્રવર્તમાન થઈને કર્મ ગ્રહણ કરે છે. અથવા જાતિ મરણ મન્ત્રેથી મુકાવા માટે હિંસાદિ ક્રિયા કરે છે. આ શિવાય ' जाइ मरण भोयणाए ' त्ति, બીજો પાઠ છે. તેનો અર્થ એ છે કે ભોજનને માટે કૃષી (ખેતી) વિગેરેમાં પ્રવર્તેલા પૃથિવી, પાણી, પવન, અગ્નિ, વનસ્પતિ, તથા બે, ત્રણ, ચાર, પાંચ ઇન્દ્રિયવાળા જે જીવો છે, તેમને મારવા માટે ઉધમવાન થાય છે. (આમાંના મનુષ્યના શાન્તિમય જીવન માટે ગ્રહસ્થોને જે ખાસ જરૂરનાં કૃત્યો છે, તે છોડીને આરંભ પરિગ્રહ વિશેષ પણે ન કરવા તથા સાધુઓનો માટે સર્વથા શાન્તિમય જીવન ગુજારવા આરંભ પરિગ્રહનો નિષેધ છે.) તથા દુઃખના પ્રતિઘાત (દૂર કરવા) માટે ધ્યાન રાખી પોતાના રક્ષણ માટે આરંભો કરે છે. જેમકે વ્યાધિના પીડાયલા તેતરનું માંસ તથા મદિરા વિગેરેનું પાન કરે છે. તથા વનસ્પતિના મૂળ. છાલ, પાંદડાં, રસ વિગેરેથી સિદ્ધ થયેલો શત પાક વિગેરેને માટે અગ્નિ

મન, વચન, કાયાનો ખરાબ ઉપયોગ બતાવ્યો આ
પ્રકારનું શસ્ત્ર ચલાવી ખોદવું, ખેતી કરવી વિગેરે
રંભનાં કામો બંધ હેતુપણે જેમણે જાણ્યાં નથી તે
અને જેમણે જાણ્યા છે તે પરિજ્ઞાત છે. તે બતાવે
અહિં પૃથિવીકાયમાં બન્ને પ્રકારનું શસ્ત્ર ન ચલાવનાર
કહેલા સમારંભને પાપરૂપ જાણીને તેને ત્યાગેલા જે

ગારો તે પરિજ્ઞાત જાણવા આ વચનથી એ સૂચવ્યું
અહિંઆ વિરતિ એટલે જીવોને દુઃખ ન દેવું તે
હવે તે વિરતિને ખુલ્લે ખુલ્લી બતાવે છે. એટલે
કાયના સમારંભમાં બંધ જાણીને મેધાવી (બુદ્ધિમાન)
કરે? તે બતાવે છે. આ પૃથિવી શસ્ત્ર જે દ્રવ્યભાવે
છે, તે પોતે ન કરાવે ન અનુમોદે એ પ્રમાણે મન,
કાય, તથા અતીત, અનાગત, કાળના પણ પચ્ચખાણ કરે
મારે પૃથિવીકાયના જીવોને કોઇ પણ રીતે દુઃખ ન

વિગેરે. આ પ્રમાણે કરેલી નિવૃત્તિવાળો મુનિ છે, એમ
જુદું પણ બીજા નહિં, હવે આ વિષયને સંકેલતાં
કે જેઓએ પૃથિવી જીવની વેદનાનું સ્વરૂપ જાણ્યું છે
પૃથિવી ખોદવી ખેતી કરવી તેમાં કર્મબંધનો
છે. તે જાણ્યું છે. તેથી જ્ઞપરિજ્ઞાવડે જાણીને પ્રત્યા
પરિજ્ઞાવડે તેને ત્યાગે તે મુનિ છે. આ પ્રમાણે બન્ને
રની પરિજ્ઞાવડે જાણે તથા જે ત્યાગે તે આઠ પ્રકારના

તે સાવદ્ય અનુષ્ઠાન ત્યાગવાથી તે પરિજ્ઞાત કર્મા મુનિ
. પણ ન ત્યાગનારો શાકયાદિ મુનિ ન જાણવો.
ભ્રવીમિ ' શબ્દનો અર્થ પૂર્વ માફકજ છે. શસ્ત્રપરિજ્ઞાનો
ઉદ્દેશો પુરો થયો. પૃથિવીનો ઉદ્દેશો પુરો થયો. હવે
યનો ઉદ્દેશો કહે છે. તેનો સંબંધ આ પ્રમાણે છે.
ઉદ્દેશામાં અને તેમાં પૃથિવીકાયના જીવ સિદ્ધ કર્યા
વધમાં કર્મ બંધ બતાવ્યો અને છેવટે મોક્ષ માટે
ધર્મ બતાવ્યો, તેજ પ્રમાણે હવે અનુક્રમે આવેલું
યનું જીવત્વ અને તેના વધમાં બંધ અને કરવી
ી વિરતિ બતાવે છે. આ પ્રમાણે બીજા અને ત્રીજા
નો સંબંધ છે. તેના ચાર અનુયોગ દ્વાર કહેવા તેમાં
નિષ્પન્ન નિક્ષેપામાં અપકાયનો ઉદ્દેશો છે. અને જેવું પૂર્વે
ીકાય જીવનું સ્વરૂપ સમજાવવાને માટે નિક્ષેપા વિગેરે
ાવ દ્વાર કહ્યાં હતાં તે અહિં સમાનપણે હોવાથી તેજ
ર રાખી કંઇક વધારે બતાવવાની ઇચ્છાથી ઉદ્ધાર
નિર્યુક્તિકાર કહે છે.

स्स विदाराइं, ताइं जाइं हवंति पुढवीए ।
त्ती उविहाणे, परिमाणु वभोग सत्थे य ॥१०६॥

અપકાયના પૃથિવીકાયમાં બતાવ્યા પ્રમાણે નવદ્વારો છે.
ભેદ એટલોજ છે કે વિધાન (પ્રરૂપણા) પરિમાણ,
ોગ, શસ્ત્ર, સંબંધમાં તે પૃથિવીથી જુદી રીતે છે
. જાણવું. ચ શબ્દથી લક્ષણ વિષય છે. તુ શબ્દ નિશ્ચય

ઉપર કહેલા બાદર અપકાયના સક્ષેપથી ત્રે છે. પર્યાપ્તા અને અપર્યાપ્તા તેમાં અપર્યાપ્તા તે વર્ણ વિગેરેને ન પામેલા અને પર્યાપ્તા તે વર્ણ, રસ, અને સ્પર્શના આદેશોવડે હજારો ભેદ છે. અને તેથી સંખ્યેય યોનિ પ્રમુખ લાખો થાય છે તે જાણવું. આ બધાની સંવૃત યોનિ જાણવી અને તે યોનિ સચિત્ત, અચિત્ત, મિશ્ર એમ ત્રણ ભેદે છે તથા શીત ઉષ્ણ, અને મિશ્ર એમ ત્રણ ભેદે છે. એ પ્રમાણે ગણતાં અપકાયની સાત લાખ યોનિ થાય છે. હવે પ્રરૂપણા પછી પરિમાણ દ્વાર કહે છે.

जे बायर पज्जत्ता पयरस्स असंख भाग मित्तातें। सेसातिन्नि विरासी, वीसुं लोका असंखिज्जा ॥

જે બાદર અપકાય પર્યાપ્તા છે તે સંવર્તિત લોક પ્રતરના અસંખ્યાતમાં ભાગમાં જે પ્રદેશ રાશી છે તેના બરાબર છે. અને બાકીના જે ત્રણ રહ્યા તે પ્રથક્ અસંખ્યાત લોક દ્વારા પ્રદેશ રાશી પ્રમાણ જાણવા પણ તેમાં આટલું વિશે છે કે બાદર પૃથિવીકાય પર્યાપ્તાથી બાદર અપકાય પર્યાપ્ત અસંખ્યાત ગુણા છે, અને બાદર પૃથિવીકાય અપર્યાપ્તાથી બાદર અપકાય અપર્યાપ્તા અસંખ્યાત ગુણા છે, તેમજ સુક્ષ્મ પૃથિવીકાય અપર્યાપ્તાથી સુક્ષ્મ અપકાય અપર્યાપ્તા વિશેષ અધિક છે અને સુક્ષ્મ પૃથિવીકાય પર્યાપ્તાથી સુક્ષ્મ અપકાય

ોસા વિશેષ અધિક છે. હવે પરિમાણ દ્વાર કહ્યું. પછી
શબ્દથી સુચવેલું લક્ષણદ્વાર કહે છે.

द हत्थिस्स सरीरं, कलला वत्थस्स अहुणो ववन्नस्स
इ उदगंडगस्स य, एसुवमा सव्व जीवाणं॥११०

શંકા—અપ્કાય જીવનથી તેનું લક્ષણ સમજાતું નથી
મ પેશાબ વિગેરે દ્રવ્ય છે તેમ પાણી પણ અજીવ છે,

આચાર્યનું તે સંબંધી દ્દષ્ટાંત સાથે સમાધાન—જેમ
થણીના પેટમાં ગર્ભ ઉત્પન્ન થવા સાથે દ્રવ છતાં તે
તન છેતેવીજ રીતે અપ્કાયનું પણ સચેતન પણું જાણવું.
ાયવા પક્ષીના તુર્ત ઉત્પન્ન થયેલા ઇંડામાં જ્યાંસુધી કઠણ
ગ ચાંચ વિગેરે બંધાયા નથી ત્યાંસુધી ઘણું પાણી હોય
તાં તે ચેતન છે તેમ અપ્કાય પણ ચેતન છે એમ
ણવું. હાથણીનો ગર્ભ તથા ઇંડાનું પાણી લેવાની
રૂર એટલીજ કે તેમાં વધારે પાણી હોવાથી સારી રીતે
ષ્ટાંત સમજાય છે. તુર્ત ઉત્પન્ન થયેલા એમ કહેવાથી
ાત દિવસ સુધીનું લેવું ત્યાં સુધીજ, કલલ રહે છે પછી
ા તે ગર્ભનો ભાગ કઠણ થઇ જાય છે.

હવે અપ્કાયની સચેતનતા ઉપર અનુમાન કરે છે
ે નીચે પ્રમાણે.

શસ્ત્રથી ન હણાયું હોય ત્યાં સુધી દ્રવપણું છે તેટલા
ાટે પાણી હાથણીના ગર્ભ કલલની માફક ચેતન છે. અગ્નિ

વિશેષણ લેવાથી પ્રસ્રવણ વિગેરેનો નિષેધ જાણવો. [illegible]
પ્રમાણે બીજું અનુમાન પ્રયોગથી બતાવે છે.

અંડામાં રહેલા કલલની માફક પાણીનું દ્રવપણું [illegible]
નથી થતું તેથી તે પાણી સચેતન છે તથા પાણી [illegible]
શરીર છે. કારણ કે, છેદી શકાય છે, ભેદી શકાય છે, [illegible]
શકાય છે, પી શકાય છે, ભોગવાય છે, સુંઘાય છે, [illegible]
ચૈવાય છે, સ્પર્શ કરાય છે, દેખાય છે અને [illegible]
પણે છે. આ બધા શરીરના ધર્મો પાણીમાં છે [illegible]
ચેતન છે. (આ બધો સબંધ બતાવીને પાણી એ [illegible]
શરીર છે એમ બતાવ્યું.) અને આકાશ વર્જિને [illegible]
જે ધર્મ તે રૂપ આકાર વિગેરે પણ લેવા. સર્વ [illegible]
દ્રવત છે. વારનાવિશાણ ( ) ના સમૂહની માફક [illegible]

શંકા— રૂપપણું, આકારપણું, વિગેરે ધર્મો પરમાણુ [illegible]
[illegible] છે. તેથી તમારો હેતુ અનેકાંત દોષવાળો છે.

ઉત્તર— એમ નથી કારણ કે અહિં છે: [illegible]
હેતુ પણ [illegible] છે અને તે બધું ઇન્દ્રિય [illegible]
[illegible] અનુયાયી (સાથે રહેનાર) છે. તે પ્રમાણે [illegible]
નથી. આ [illegible] અતીન્દ્રિય પરમાણુનો વ્યવચ્છેદ [illegible]

અથવા વિશેષણ નથી કારણ કે સર્વ પુદ્ગલ [illegible]
[illegible] સ્વીકાર કર્યો છે. અને જીવ સહિત [illegible]
[illegible] સહિત આટલું વિશેષ છે કહ્યું છે કે.—

रो पज्जत्ति विगार, मुत्त जाइन ओडणिलंनाउ
सासय हुयाओ, निज्जीवसजीव रूयाओ ॥१॥

[illegible] विगेरे विकारवाळा मूत्र जातिपणाथी पृथि
[illegible] वायु सुधी एटले पृथिवी, पाणी, अग्नि अने वायु
[illegible] शरीर शस्त्रथी हणायेला ते निर्जीव छे अने शस्त्रथी
[illegible] ते सजीव छे ए प्रमाणे [illegible]
[illegible] छे.

(१) [illegible]
[illegible] छे.

(२) [illegible]
[illegible] छे

(३) [illegible]
[illegible]
[illegible] छे

[illegible]
[illegible]

[illegible]

[illegible]
[illegible]

[illegible]
[illegible]

सोचा भगवओ अणगाराणं अंतिए इह मेगे
णायं भवति-एस खलु गंथे एस खलु मोहे
खलु मारे एस खलु णरए इच्चत्थं गड्ढिए लोए
मिणं विरूवरूवे हिं सत्थे हिं उदय कम्म समारंभे
उदय सत्थं समारंभ माणे अण्णे अणेग रूवे
विहिं सइ। से बेमि संति पाणा उदय निस्सि
जीवा अणेगे (सू० २३)

અન્ય સાધુઓ પોતાની પ્રવ્રજ્યાને લજાવનારા અથવા સ
અનુષ્ઠાનથી લજ્જા પામેલા જુદા પડેલા શાક્ય, ઉલુક,
બુદ્ધ, કપિલ, વિગેરેના જે મુનિઓ છે તેમને તું જો, એ
જૈનાચાર્ય શિષ્યને કહે છે. અવિવક્ષિત કર્મવાળા છતાં અ
મંક થાય છે. જેમકે તું જો, મૃગ દોડે છે. એ પ્રમ
બીજી વિભક્તિના અર્થમાં પહેલીનો પ્રત્યય છે. તેનો અ
આ છે કે શાક્ય વિગેરે સાધુઓ દિક્ષા લીધેલી છે છ
સાવદ્ય અનુષ્ઠાન કરે છે. એવા જુદા જુદા પડેલાને તું
તેઓએ જેનાવડે સાધુને અયોગ્ય આચરણ કર્યું તે
પ્રમાણે બતાવ્યું, તે કહે છે કે અમે સાધુ છીએ એવું કેટલ
શાક્યાદિ બતાવે છે તે વ્યર્થ બતાવે છે. કારણ કે તે
ઉત્સેચન, અગ્નિ વિધ્યાપન, વિગેરે શસ્ત્રોથી સ્વકાય અ
પરકાય એ બે ભેદથી ભિન્ન શસ્ત્રોવડે ઉદક કર્મ (પાણ
દુઃખ દેવું) કરે છે. ઉદકના કર્મ સમારંભ વડે

વૃત્તાંત મેં પૂર્વે સાંભળ્યું તે ઉદકમાં રહેલા પ્રાણીઓ [illegible]
મત્સ્ય વિગેરે જે જીવો છે તેને પણ પાણીના સમારંભ [illegible]
નારો હણે છે. અથવા બીજો સંબંધ આ છે કે પૂર્વે [illegible]
ઉદક શાસ્ત્ર આરંભતો બીજા અનેક જીવોને અનેક રીતે હણે [illegible]

શંકા—એ કેવી રીતે જાણવું શક્ય છે?

ઉત્તર—જીવો છે. તે અમે પૂર્વે કહી ગયા છીએ.

શંકા—તે કેટલા છે. ?

ઉત્તર—જીવો અનેક છે.

અહિંઆ જીવનું ફરી ઉપાદાન ઉદકમાં રહેલા [illegible]
જીવો છે તે જણાવવા માટે કર્યું છે તેથી એમ સમજવું
એક એક જીવ ભેદમાં ઉદકને આશ્રી અસંખ્યાત પ્રાણી
છે એ પ્રમાણે તેઓ અપકાયનો સમારંભ કરતાં તે [illegible]
પાણીને તથા પાણીના આશ્રયના ઘણા જીવોને મારનારા [illegible]
છે. તે જાણવું

હવે શાક્યાદિ ઉદક આશ્રિત બેઇન્દ્રિય જીવોને [illegible]
છે પણ ઉદકને નહિ, તે બતાવે છે.

इहं च खलु भो ! अणगाराणं उदग जी-
वियाहिया (सू० २४)

અહિંઆ ભગવાન મહાવીર તેના પ્રવચન તે બાર [illegible]
જે બધી ત્રિકાલ નાથે [illegible] છે. તેમાં સાધુઓને [illegible]
વ્યું છે કે ઉદકરૂપ જીવ છે અને ' ચ ' શબ્દથી [illegible]

છે, તેજ પ્રમાણે છે, પણ જે અપવાદ છે, તે કહે છે કિ
પરિમાણ, ઉપભોગ, અને શસ્ત્ર એ નિક્ષેપામાં લિં
પણ બીજે જુદાપણું નથી. મૂળમાં 'ચ' શબ્દથી ['
લક્ષણદ્વારનો પરિગ્રહ છે. હવે જેવી પતિજ્ઞા કરી; તે પ્ર
નિર્યુકિતકાર દ્વાર બતાવે છે

दुविहा य तेउ जीवा, सुहुमा तह बायरा य लो
सुहुमा य सव्वलोए, पंचेव य बायर विहाणा ॥

અગ્નિકાયના જીવો સૂક્ષ્મ, અને બાદર એમ બે [illegible]
છે, તેમ [illegible]
યના માં [illegible]
ઈંગાલ [illegible]

बायर तेउ विहाणा, पच विहा वण्णिया [illegible]

તેમા ધુમાડો, તથા જ્વાળા વિનાનું બળેલું [illegible]
અંગારો, તથા ઈન્ધનમાં રહેલો બળવાની ક્રિયાના વિ[illegible]
વગેરે, તથા વીજળી, અને ઉલ્કાપાત, તથા [illegible]
ઘસવાથી ઉત્પન્ન થયેલ, તથા સૂર્યકાન્ત અગ્નિના [illegible]
વિગેરેથી ઉત્પન્ન થયેલ તે અગ્નિ છે તથા [illegible]
[illegible] રહેલો જ્વાળા વિયોગ ન થાય, અને [illegible]
[illegible] પછી તે સંબંધ વિનાના જે કણો, તે [illegible]
[illegible] અગ્નિના [illegible] (તણખા,) અને [illegible]
[illegible]

તે બાદર અગ્નિનું પોતાનું સ્થાન ચિંતવતા મનુષ્ય-ક્ષેત્રમાં અઢી દ્વીપ, અને બે સમુદ્રમા વ્યાઘાત ન હોય; ત્યારે પંદર કર્મ-ભૂમિમાં છે, અને વ્યાઘાતમાં ફક્ત પાંચ મહાવિદેહમા હોય છે. (જ્યારે ભરત ઐરવતમા જુગલીઆ હોય; ત્યારે બાદર અગ્નિકાય ન હોય.) એ શિવાય બાકી બાદર અગ્નિકાય હોય. હવે ઉપપાત ચિંતવતા લોકના અસંખ્યેય ભાગ વર્તી છે. સિદ્ધાન્તમાં આ પ્રમાણે કહ્યું છે.—

उड्डवायेणं दोसु, उड्ढकवाडेसु तिरिय लोए तट्टे य

તેનો અર્થ આ પ્રમાણે છે. અઢી દ્વીપ બે સમુદ્રની બાહેર આયત (લંબાઇ) પૂર્વ પશ્ચિમ દક્ષિણ સ્વયંભૂરમણ પર્યંત ઉત્પન્ન (વિસ્તારવાળા) ઉર્ધ્વ અધો લોક પ્રમાણ કમાડ, તે એની વચમાં રહેલા બાદર અગ્નિમા ઉત્પન્ન થતા તેના વ્યપદેશ અગ્નિકાય (નામ) પામે છે. તથા તિર્યક્ લોક પ્રમાણ થાળીના આકારમાં રહેલો બાદર અગ્નિમા ઉત્પન્ન થયેલો બાદર અગ્નિકાયનો વ્યપદેશ પામે છે. બીજા આચાર્ય આ પ્રમાણે કહે છે, કે તે એની વચમા રહેલો એટલે તિર્યક્ લોક એવો તત્સ્થ તે તિર્યક્ લોક તત્સ્થ તેમાં રહેલો ઉત્પન્ન થવાની ઇચ્છાવાળો બાદર અગ્નિનો વ્યપદેશ પામે છે. આ વ્યાખ્યાનમાં કમાડની અંદર રહેલોજ હોવો અને તે બંનેની ઉર્ધ્વ કમાડની વચમાંનો આ કહેવાવડે તેજ આવ્યું છે. તેથી તેની વ્યાખ્યાના અભિપ્રાયને અમે સમજી શકતા નથી (આવું ટીકાકાર લખે છે.) કપાટની સ્થાપના આ પ્રમાણે છે.

जह मगल सरिस याणं, सिलेस मिस्साण वलिया
पसेप मरीराण, तह सुंमि सरीर सघाता ॥१११॥

જેમ બધા નગરજનોને વન પહોંચે છે, તેનાથી ભિન્ની અનેકી વર્તમા પ્રત્યેક પ્રદેશોમા ક્રમેકરીને સ્થિયાર્થ (ચતા રહ્યા છે, પણ એકબીજાને અડકીને રહ્યા નથી. (એકેકથી જ [illegible] અંતર રહે છે,) અને ફક્ત [illegible] [illegible]

[illegible]

[illegible]

ની રેવડીનું પણ દૃષ્ટાંત ચાલે) હવે પ્રત્યેક જીવોનુ એક
શરીરપણું બતાવવા કહે છે.

णा विह संठाणा, दीसंती एग जीविया पत्ता;
खंधावि एग जीवा, ताल सरल नालि एराणं ।१३३।

જુદા જુદા સંસ્થાન (આકાર) જેમા છે તે જુદા સંસ્થાન
માં પાદડાં દેખાય છે તે એક એક જીવથી અધિષ્ટિત જાણવાં
તથા તાલ સરલ નાળીયેરી વિગેરેના ડાળા પણ જીવ
અધિષ્ઠિત જાણવાં, અહીઆં અનેક જીવનું અધિષ્ઠિત પણું
નિષેધતું નથી, બાકીના ભાગોમા અનેક જીવનું અધિષ્ઠિત
પણું સામર્થ્યથી બતાવેલું જાણવું, હવે પ્રત્યેક તરૂના જીવ-
રાશીનું પરિમાણ બતાવવા કહે છે.

पत्तेया पज्जता, सेढीए असंख भाग मित्ताते
लोगा संखपज्जत्त, गाण साहारणाणंता ॥१३४॥

પ્રત્યેક તરૂ જીવો પર્યાપ્તા હોય, તે સંવર્તિત ચોખુણો
કરેલી લોકની શ્રેણીના અસંખ્યેય ભાગવર્તી આકાશ પ્રદેશની
રાશી બરોબર જાણવા, અને તે બાદર તેઉ કાય પર્યાપ્તાના
રાશિથી અસંખ્યાત ગુણા જાણવા, પણ જે અપર્યાપ્તા પ્રત્યેક
વનસ્પતિ જીવ છે, તે અસંખ્યાત લોકના જેટલા પ્રદેશ
થાય, તેટલા જાણવા, અને તે પણ બાદર અપર્યાપ્તા તેઉ
કાયના જીવ રાશીથી અસંખ્યાત ગુણા છે. પણ સૂક્ષ્મ

तणो करिस्सामि समुट्ठाए, मत्ता मइमं, अ विदित्ता, तं जे णो करए, एसो वरए, एत्थो व एस अणगारे त्ति पवुच्चई (सू. ३९)

આ સૂત્રનો ૩૮મા સૂત્ર સાથે તથા પહેલા ' સૂત્રો સાથે પ્રથમ કહ્યા મુજબ સંબંધ કહેવો. પૂર્વે કે શાતા (સુખ)ના વાંછકો વનસ્પતિ જંતુને નિશ્ચયે ઉત્પન્ન કરે છે. તેથી તેનુ મૂળજ (કર્મબંધ પછી થ દુઃખથી ગહન એવા સંસાર સાગરમાં જીવોને ભમાડે એવુ કડવું ફળ જાણનારો બધા વનસ્પતિ કાયના દુઃખ દેવાની રીતીથી સર્વથા નિવૃત્ત (દૂર) થવાનું આ માં ઇચ્છે છે. તે બતાવે છે વનસ્પતિ કાયને થતી પી જાણીને હું હવેથી દુખ નહીં દઉં, અથવા તે વનર દુઃખ દેવાના કારણ રૂપ જે છેદન ભેદન છે, તેને મન ચન, કાયાથી નહીં કરૂં, ન કરાવું, કરનારને ભલો ન જા હવે કેવી રીતે કરીશ, તે બતાવે છે

સર્વજ્ઞે બતાવેલા માર્ગને અનુસરીને સમ્યગ્ દિ માર્ગને સ્વીકારીને બધા પાપના આરંભોનો ત્યાગ થકો, વનસ્પતિને દુખ થાય, તેવો આરંભ નહીં કર આથી જ્ઞાન ક્રિયા બતાવી, એથી એમ સૂચવ્યું કે એ ક્રિયાથીજ મોક્ષ થાય, એમ નહીં પણ જ્ઞાને જાણવું, ક્રિયા તે પ્રમાણે કરવી, એ બે પ્રકારે મોક્ષ મળે છે: છે કે—

માને છે, વિનય તેજ સંયમ છે શાક્યાદિ સાધુ—અમે પણ વિનયમાં રહેલા છીએ, એમ બોલે છે, પણ તેઓ પૃથિવી વિગેરે જીવોનું સ્વરૂપ જાણતા નથી, અને કહાર. માને, તોપણ તેજ આશ્રિત આરંભ કરવાથી જ્ઞાનાદિ આચારના વિકલ્પપણાથી આચાર રહિત છે

પ્રશ્ન—એવું શું કારણ છે કે પોતાને આચાર વિનાના દૂર શીલવાળા હોવા છતાં સંયમવાળા માને છે. ?

ઉત્તર—પોતાના [illegible] અભિપ્રાય પ્રમાણે પૂર્વાપર વિચાર કર્યા વિના અથવા [illegible] નો અભિપ્રાય તેના છંદવડે ઉપનીત આરંભન માર્ગમાં રહીને અવિનીત છતાં, પોતાને વિનય છે, એમ માને [illegible] એટલે વધારે, ઉત્પન્ન તે આરંભમાં લીન થયેલા, વિષયના પરિણામમાં એક ચિત્તવાળા બની [illegible] જીવોના દુઃખ દેવાનાં કર્મો કરે છે, આ [illegible] પોંચાયલા ચિત્તવાળા શું કરે છે? [illegible] છે 'અનનમાનું' એટલે સાવદ્ય અનુષ્ઠાન [illegible] આ સંસારનાં અનુષ્ઠાનવડે આઠ [illegible] કરે છે, અથવા જેઓ આરંભ કરે છે [illegible] છે, અને તે વિષય [illegible] કરે તેથી આવે કર્મ બંધાય, અને [illegible] નરકનાં દુઃખ વેઠે, એટલે છ જીવ નિકાયને [illegible] કરનારો વારંવાર જેવડે છે હવે તે આરંભથી નિવૃત્ત [illegible] કેવી ઉત્તમ હોય તે બતાવે છે.